ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ

# શ્રી સારસ્વત

Published on 28th Every Month

મુખપત્ર

## નૂતન વર્ષાભિનંદન



વાર્ષિક લવાજમ : રૂા. ૩૦૦/- છૂટક નકલ : રૂા. ૩૦/-

વર્ષ : ૧૯ અંક : ૧૦/૧૧ સળંગ અંક : ૨૦૧/૨૦૨ ઓક્ટોબર-નવેમ્બર - ૨૦૨૪

: અધ્યક્ષ :
**શ્રી જયપ્રકાશ પી. પટેલ**
શ્રી ઉન્નતિ માધ્યમિક શાળા
મુ. હિરાપુરા, તા. સંતરામપુર, જિ. મહિસાગર

: પ્રમુખ :
**શ્રી ભાનુપ્રસાદ એ. પટેલ**
શ્રી સી.જી. મહેતા વિદ્યામંદિર,
ઉમેદગઢ, તા. ઈડર, જિ. સા.કાં.

: મુખ્ય સંપાદક :
**શ્રી અમિત આર. પંડ્યા**
શ્રી માતૃછાયા હાયર સેકન્ડરી સ્કૂલ,
સુખરામ નગર, ગોમતીપુર, અમદાવાદ

## સુજ્ઞ આચાર્યગણ,

**આપની શૈક્ષણિક વિદ્વતા-વિશારદતાને દર્શાવો**

**અને પોતાની TV ચેનલ બનાવો !**

**આપની અને આપની સંસ્થાની ઓળખ બનાવો અને રાજ્યભરના વિદ્યાર્થીઓને લાભાન્વિત કરો.**

Virtual विद्यापीठ

# World's 1st Educational OTT Platform

- શિક્ષકોને મળશે અત્યાધુનિક સ્ટુડિયોનો વપરાશ.
- એડિટિંગ ટીમની સુવિધા.
- હાઇક્વૉલિટી ઍનિમેશન લાઇબ્રેરી.



ફુલ્લી ઍનિમેટેડ 3 લેયર આધુનિક ટેક્નોલોજી સાથેનો આપનો વીડિયો બનાવો વિનામૂલ્યે અને બનો એવરગ્રીન ટીચર.

શિક્ષકોનું પોતાનું પ્લેટફૉર્મ ▷ શિક્ષકોની અને સંસ્થાની પોતાની ટી.વી. ચૅનલ ▷ વિદ્યાર્થીઓનું ટી.વી.ના પડદે લર્નિંગ પ્લેટફૉર્મ

VIEW SAMPLE VIDEOS

8th FLOOR, D BLOCK, GANESH MERIDIAN, SG ROAD, AHMEDABAD, GUJARAT 380061

+91 9055141414 info@virtualvidyapith.com www.virtualvidyapith.com

**AVAILABLE ON ALL TV PLATFORMS :**

LG Smart TV | Samsung SMART TV | androidtv | fire tv stick | GET IN ON Google Play | Download on the App Store

## IDeAL Initiatives (Eng. & Guj. Medium)

| પ્રિસ્કૂલ Solution | પ્રિસ્કૂલ નોટબુક | ધો. 1 થી 10 | ધો. 9 થી 12 | Classroom Software | E-Learning App | LMS & ERP | School TV Channel |
|---|---|---|---|---|---|---|---|
| popkorn | ideal BUDDY | IMENTOR / IDEAL SERIES | Revise Maths / Physics / Chemistry Example's Notebook | I CLASS | ideal student | flinnt | Kidsera |

**SPECIMEN COPY બુક કરાવો.**

QR Code Scan કરી અથવા 9055010101 પર call કરી આપની શાળાનું નામ અને એડ્રેસ મોકલાવવા વિનંતી. અમારી ટીમ તમને Specimen પહોંચાડશે.

IDeAL Get Involved

# શ્રી સારસ્વત

''न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ''

કાર્યાલય : 'સારસ્વત ભવન', અભિષેક બિલ્ડીંગ, બીજો માળ,

હોટલ હવેલીની સામે, સેક્ટર-૧૧, 'ચ' રોડ, ગાંધીનગર

www.shreesaraswat.com

વર્ષ : ૧૯ અંક-૧૦/૧૧ સળંગ અંક : ૨૦૧/૨૦૨ ઑક્ટોબર/નવેમ્બરઃ ૨૦૨૪ વાર્ષિક લવાજમ - રૂા. ૩૦૦



-: અધ્યક્ષ :-

**શ્રી જયપ્રકાશ પી. પટેલ**
મુ. પો. જાનવડ, તા. સંતરામપુર,
જિ. મહીસાગર-૩૮૯૨૬૦
શ્રી ઉન્નતિ માધ્યમિક શાળા
મુ. હિરાપુરા, તા. સંતરામપુર
જિ. મહીસાગર
(મો.) ૯૪૨૬૫૦૯૨૨૬
E-mail : jppatelbjp@gmail.com

-: પ્રમુખ :-

**શ્રી ભાનુપ્રસાદ એ. પટેલ**
શ્રી સી.જી. મહેતા વિદ્યામંદિર,
ઉમેદગઢ, તા. ઈડર, જિ. સા.કાં.
૧૮, પ્રેમપુર બંગ્લોઝ, ઉમિયા સીટી
હોમ્સની બાજુમાં, ગાયત્રી
મંદિર રોડ, મહાવીરનગર,
હિંમતનગર, જિ. સાબરકાંઠા
(મો.) ૭૮૭૪૮૦૪૪૦૪

-: મુખ્ય સંપાદક :-

**શ્રી અમિત પંડ્યા**
શ્રી માતૃછાયા હાયર
સેકન્ડરી સ્કૂલ
સુખરામનગર,
ગોમતીપુર,
અમદાવાદ-૩૮૦૦૨૧.
(મો.) ૯૯૭૪૫૨૫૨૩૨

-: ઉપાધ્યક્ષ :-

**શ્રી હરદેવસિંહ પી. જાડેજા**
ચંદ્રસિંહજી હાઈસ્કૂલ,
મુ. ધ્રોલ, તા. ધ્રોલ,
જિ. જામનગર
(મો.) ૯૪૨૬૯૭૫૮૩૩

-: કલ્યાણનિધિ કન્વીનર :-

**શ્રી સુરેશભાઈ પી. સરસાવડિયા**
શ્રી સાવડી હાઈસ્કૂલ,
સાવડી, તા. ટંકારા,
જિ. મોરબી.
(મો.) ૯૯૯૮૧૬૭૮૩૬

-: અન્વેષક :-

**શ્રી પંકજકુમાર સી. પરમાર**
એન.એમ. વાડિયા (તાતા વાડિયા)
હાઈસ્કૂલ, નાગરોલ. તા. ઉમરગામ,
જિ. વલસાડ-396135.
(મો.) 9825697398

**મહામંત્રી**

| -: ઉત્તર ઝોન :- | -: મધ્ય ઝોન :- | -: દક્ષિણ ઝોન :- | -: સૌરાષ્ટ્ર ઝોન :- |
|---|---|---|---|
| **શ્રી ભરતભાઈ એમ. ચૌધરી**<br>શ્રીમતી તા.ર.કૂ.શાહ સાર્વ.<br>હાઈસ્કૂલ માણકપુર,<br>તા. માણસા, જિ. ગાંધીનગર<br>(મો.) ૯૯૨૪૩૩૫૨૧૦ | **શ્રી કેતનભાઈ ચંદુભાઈ પટેલ**<br>આર. કે. વિદ્યાલય, પેટલાદ.<br>જિ. આણંદ<br>(મો.) ૭૬૯૮૪૩૫૨૩૫ | **શ્રી મિતેષકુમાર એસ. પટેલ**<br>શ્રી ડી. કે. પટેલ સાર્વ.<br>હાઈસ્કૂલ, થુવાવી,<br>તા. ડભોઈ, જિ. વડોદરા.<br>(મો.) ૯૪૨૮૧૧૬૬૮૯ | **શ્રી સુનીલકુમાર સી. બરોસીયા**<br>આર.એલ. અમૃતિયા હાઈ.,<br>ગોંડલ ત્રાકુડા, સ્મિત ગણેશ-<br>નગર, ગુંદાળા રોડ, ગોંડલ.<br>(મો.) ૯૮૭૯૫૨૩૦૬૪ |

-: પ્રમુખના મંત્રી :-

**શ્રી પંકજકુમાર આર. પટેલ**
સ્વામી વિવેકાનંદ હાઈસ્કૂલ, મુ. પો. તા. લુણાવાડા,
જિ. મહીસાગર. (મો.) 9428446720

-: સારસ્વત સહ સંપાદક :-

**શ્રી દિપકકુમાર પી. પટેલ**
લાયોનેસ કર્ણાવતી એમ.એચ. હિન્દી હા.સે. સ્કૂલ, નવા વાડજ,
અમદાવાદ-380013. (મો.) 9427311939

# શ્રી સારસ્વત

''न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ''

કાર્યાલય : 'સારસ્વત ભવન', અભિષેક બિલ્ડીંગ, બીજો માળ,

હોટલ હવેલીની સામે, સેક્ટર-૧૧, 'ચ' રોડ, ગાંધીનગર

www.shreesaraswat.com

વર્ષ : ૧૯ અંક-૧૦/૧૧ સળંગ અંક : ૨૦૧/૨૦૨ ઑક્ટોબર/નવેમ્બરઃ ૨૦૨૪ વાર્ષિક લવાજમ - રૂા. ૩૦૦


## અનુક્રમણિકા


1. અધ્યક્ષશ્રી/પ્રમુખશ્રીનો પત્ર ........ 05
2. સારસ્વત સંપાદકનો પત્ર ........ 07
3. મહામંત્રીશ્રીનો પત્ર ........ 09
4. नए दौर में लिखेंगे मिलकर नई कहानी..- ડૉ. નીરવ એન. ઠક્કર ........ 10
5. पढ़ाई का विज्ञान–५ ........ - પ્રાંજલભાઈ જોષી ........ 19
6. લખો તો ખરા ! ........ - દિનેશ માંકડ ........ 23
7. આચાર્ય સજ્જતા (રે ! રાજ મારે દિન દિન દિવાળી...) - મહેશભાઈ શર્મા ........ 27
8. અભ્યાસમાં મૂલ્યાંકનનું મહત્ત્વ ........ - જી. એસ. દેધરોટિયા ........ 29
9. પરિપત્ર (જૂની પેન્શન યોજના) ........ 31




**નોંધ :** શ્રી સારસ્વતમાં પ્રસિદ્ધ થતા જે-તે લેખ / માહિતીમાં લેખકોના પોતાના મંતવ્યો છે. તેની સાથે મહામંડળ તથા સંપાદક કે સહસંપાદક સંમત છે, તેમ માનવું નહિ.



શ્રી જયપ્રકાશ પી. પટેલ
અધ્યક્ષ

# અધ્યક્ષશ્રી/પ્રમુખશ્રીનો પત્ર



શ્રી ભાનુપ્રસાદ એ. પટેલ
પ્રમુખ

**સુજ્ઞ સારસ્વત મિત્રો,**

**નમસ્કાર.......**

## સૌ સારસ્વત મિત્રોને નવા વર્ષના નૂતન વર્ષાભિનંદન.

આવનારા નૂતન વર્ષમાં આપણે સૌ વિદ્યા સાધનાના સેતુ પર વિદ્યારૂપી દીપને વધુ પ્રજ્વલિત કરીએ, શિક્ષણની નવી ક્ષિતિજોને આંબી શકીએ તેમજ ઈશ્વર આપ સૌને નિરામય નૂતન વર્ષમાં દીર્ઘકાલીન સફળતાઓ બક્ષે તેવી અનંત અનંત શુભકામનાઓ...

મિત્રો, આપણા  શૈક્ષણિક સત્રની શરૂઆત થાય તે પહેલાજ લગભગ છેલ્લા ચાર-પાંચ વર્ષથી સંઘના સૌ આગેવાનોના અથાગ પ્રયત્નથી આપણો લાંબા સમયથી અટવાયેલ પ્રશ્ન ૦૧/૦૪/૨૦૦૫ પહેલાના કર્મચારીઓને જૂની પેન્શન યોજનામાં સમાવવાનો ઠરાવ સરકારશ્રીમાં કરાવી શક્યા છીએ જેનો લાભ આપણા ઘણાબધા કર્મચારીઓને મળવાનો છે ત્યારે સરકારશ્રીનો આભાર માનીએ. મિત્રો, ૦૧/૦૪/૨૦૦૫ પછીના કર્મચારીઓ માટે પણ આપણી લડાઈ ચાલુ જ રહેશે.

સારસ્વત મિત્રો, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની વિવિધ સમિતિઓની રચના તાજેતરમાં થઈ, જેમાં સૌ સંગઠનના મિત્રોના કારણે રાજ્ય આચાર્ય સંઘના પ્રતિનિધિને કારોબારી સમિતિમાં સ્થાન મળ્યું જે આપણા સૌ માટે આનંદની બાબત છે.  દર વર્ષની

જેમ આપણું શૈક્ષણિક અને વહીવટી અધિવેશન પણ આગામી જાન્યુઆરી માસમાં યોજવા જઈ રહ્યા છીએ જે આપ સૌની જાણ માટે. જિલ્લા/ શહેર ઘટક સંઘના પ્રમુખ અને મંત્રીશ્રીને નમ્ર નિવેદન કે આપ જ્યારે જિલ્લાના અધિવેશનનું આયોજન કરતા હોય ત્યારે નજીકના બે-ત્રણ જિલ્લાના હોદ્દેદાર મિત્રો સાથે પણ સંવાદ કરી આયોજન કરશો તો રાજ્યના હોદ્દેદારો પણ જિલ્લાઓના અધિવેશનમાં હાજરી આપી શકે.

મિત્રો, બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્યની ભરતીનું મેરીટ લીસ્ટ બની ગયેલ છે અને નવા સત્રથી તેની કાર્યવાહી શરૂ થશે જે આપ સૌની જાણ માટે. હાલ ધોરણ -૧૦ અને ધોરણ-૧૨ ના વિદ્યાર્થીઓના ફોર્મ ભરવાનું કાર્ય ચાલી રહ્યું છે ત્યારે તેમાં પણ કોઈ મુશ્કેલી પડે તો જિલ્લા સંઘના હોદ્દેદારશ્રીઓનું ધ્યાન દોરશો. આપણા મુખ્ય પ્રશ્નો ક્લાર્ક અને પટાવાળાની ભરતી તેમજ કાયમી શિક્ષકો માટે પણ સંકલન સમિતિ સતત સક્રિય જ છે. આ સિવાય આપના કોઈપણ પ્રશ્ન હોય તો જિલ્લા / શહેર ઘટક સંઘ દ્વારા લેખિતમાં રજૂઆત કરશો તેવો અનુરોધ છે. ફરીથી આપ સૌને નવા વર્ષની શુભકામનાઓ...

**"સંઘે શક્તિ કલૌ યુગ"**

**ભારત માતા કી જય...** **જય જય ગરવી ગુજરાત...**

આપના,

**જયપ્રકાશ પી. પટેલ**
અધ્યક્ષ

**શ્રી ભાનુપ્રસાદ એ. પટેલ**
પ્રમુખ

ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ



**શ્રી અમિત પંડ્યા**
સારસ્વત સંપાદકશ્રી

## નૂતન વર્ષાભિનંદન



**શ્રી દીપકકુમાર પી. પટેલ**
સારસ્વત સહસંપાદકશ્રી

સર્વે સારસ્વત શ્રી,

નૂતન વર્ષના વધામણાના આનંદ સાથે દ્વિતીય શૈક્ષણિક સત્રના આરંભની શુભેચ્છાઓ.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની સમિતિ રચનાઓમાં આપણી એકતાની અસરકારકતા થકી આપણા શ્રી ભાનુભાઈ પટેલને કારોબારી સભામાં સ્થાન મળેલ. જે માટે તેઓએ ખૂબ જ પરિશ્રમ કરી આપણા પ્રશ્નોને વાચા આપવા માટે આચાર્ય સંઘને કારોબારીમાં સ્થાન અપાવી આપણા સંવર્ગ ને ગૌરવ અપાવેલ છે. તે બદલ શ્રી ભાનુભાઈ પટેલને આપ સર્વ વતી આભાર વ્યક્ત કરું છું.

શ્રી સારસ્વત મુખપત્રને નિયમિત કરવાના પ્રયાસોમાં આપ સૌનો સહકાર મળી રહ્યો છે. જૂજ જિલ્લાઓના સારસ્વત મંત્રીશ્રીઓને આગ્રહભરી વિનંતી જો આપણી ગોઠવણ ઉપર બે મહિને એકવાર ધ્યાન આપી વિતરણની ચકાસણી કરી લો તો વિતરણ વ્યવસ્થાને પ્રશ્નરહિત કરી શકીશું.

શ્રી સારસ્વત મુખપત્ર આપણા વિચારોને પ્રસિદ્ધ કરવાનું ઉત્તમ માધ્યમ છે. આપણા વિચારોથી સમગ્ર શૈક્ષણિક સમાજને લાભાન્વિત કરી શકાય માટે અમો આપ સર્વે આચાર્યોને વિનંતી કરીએ છીએ કે આપના ઉત્તમ લેખો અમને ઇમેલ કરશો.

પુન: દરેક ઘટકના સારસ્વત મંત્રીશ્રી, ઝોન સારસ્વત મંત્રીશ્રીઓને વિનંતી કે આવનારા આગામી સમયમાં રાજ્યકક્ષાનું અધિવેશન થશે તેની તૈયારીના ભાગરૂપે સંભારણું આપણે પ્રસિદ્ધ કરતા હોઈએ છીએ. સંભારણા વિશે આપણામાં કોઈના નવા વિચાર હોય તો email થી મોકલશો સાથે સાથે તેમાં પ્રસિદ્ધ થતી જાહેરાતો માટેની પણ માનસિક તૈયારી કરી રાખશો

**નોંધ :** જે જિલ્લાને આપણી વેબસાઇટ ઉપર ઓનલાઇન એન્ટ્રી તથા ગૃપ કરવાના બાકી હોય તો તે પૂર્ણ કરશો. તથા જે જિલ્લાની શ્રી સારસ્વત મુખપત્રના સભ્ય સંખ્યા મુજબ બાકી ફી સારસ્વત સહસંપાદક દિપકભાઈનો સંપર્ક કરી જમા કરાવી દેશો.

**Email : ras.sarasvatdipakbhai@gmail.com**

**આપના,**

**દિપકકુમાર પી. પટેલ**
સારસ્વત સહસંપાદક શ્રી
ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ
(મો.) ૯૪૨૭૩૧૧૯૩૯

**અમિત પંડ્યા**
સારસ્વત સંપાદકશ્રી
ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ
(મો.) ૯૯૭૪૫૨૫૩૩૨





**ભરતભાઈ ચૌધરી**
મહામંત્રીશ્રી

## મહામંત્રીશ્રીનો પત્ર

**આત્મીય સારસ્વત મિત્રો,**

કુશળ હશો. કુશળતા ચાહતા કુશળ છીએ.

વિક્રમ સંવત 2080ના વર્ષની વિદાય અને 2081ના આગમનના આપણે સૌએ વધામણા કર્યા. આપ સૌને તથા પરિવારજનોને ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ વતી નૂતન વર્ષની હૃદયપૂર્વકની અઢળક શુભકામનાઓ. આપણા સંગઠનની શક્તિનો આપણે સૌએ સાથે મળી ગુજરાતના શિક્ષણ જગતને પરિચય કરાવ્યો અને તેના કારણે જ વર્ષો જૂના આપણા ઘણાબધા પ્રશ્નોનું સુખદ સમાધાન થયું. આપણા ખૂબ જ અગત્યના એવા બે વર્ગની શાળામાં 3+1 નું મહેકમ, આચાર્યનો 5/1/65 નો ઇજાફો, પરિણામ આધારિત ગ્રાન્ટ નીતિ રદ કરવી અને સૌથી મહત્ત્વનો એવો તારીખ 1-4-2005 પહેલાના કર્મચારીઓ ને જૂની પેન્શન યોજનામાં સમાવેશ. આ ઉપરાંત મિત્રો, આપણી શાળાઓને રાજ્ય સરકાર દ્વારા કમ્પ્યુટર લેબ અને સ્માર્ટ ક્લાસ દ્વારા સુદૃઢ કરવામાં આવી, જે આપણા સૌના માટે જીવાદોરી સમાન છે એમ કહેવામાં કોઈ અતિશયોક્તિ નથી.

મિત્રો, હાલમાં આચાર્ય ભરતી અને જૂના શિક્ષક ભરતીની પ્રક્રિયા ચાલુ છે. આવનાર દિવસોમાં શિક્ષણ સહાયક અને બિનશૈક્ષણિક કર્મચારીઓની ભરતી, તા.1/4/2005 પહેલા જાહેરાત આવી ગઈ હોય તેવા મિત્રોને પણ ઓપીએસનો લાભ મળે અને શિક્ષક આચાર્યની નોકરી સળંગ ગણવામાં આવે તે માટે પણ આપણે પ્રયત્નશીલ છીએ જ. ચિંતા કરવાનું કોઈ કારણ નથી.

પુનઃ સૌને અંતઃકરણથી અનેક અનેક શુભકામનાઓ. આવો આપણે સૌ સાથે મળી આપણા સંગઠનને એક આગવું, અનોખું અને મજબૂત સંગઠન આવનાર સમયમાં બનાવીએ અને અખંડ ભારતના ઉજ્જવળ ભવિષ્ય માટે એક બની નેક બની, કટિબદ્ધ થઈએ તેવી આશા સાથે સૌનો આભાર. વંદે માતરમ... જય જય ગરવી ગુજરાત...

આપનો,
**શ્રી ભરતભાઈ ચૌધરી**
મહામંત્રી,
ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ

# नए दौर में लिखेंगे मिलकर नई कहानी

**- ડૉ. નીરવ એન. ઠક્કર**
આચાર્ય, એઈએસ-એજી હાયર સેકન્ડરી સ્કૂલ
(મો.) ૯૮૯૮૬૭૯૪૯૪

રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020, એ ૨૧મી સદીના વિવિધ પડકારોને પહોંચી વળવા શિક્ષણક્ષેત્રે નૂતન આયામોની પહેલ કરી છે. જેણે વિદ્યાર્થીઓ માટે શિક્ષણની અનેક સંભાવનાઓ માટેની બારીઓ ખોલી નાખી છે. 'વિદ્યાર્થી-કેન્દ્રી શિક્ષણ' આપણે સૌએ સૈદ્ધાંતિક રીતે સ્વીકારેલ બાબત છે, એટલું જ નહિ, અધ્યાપનશાસ્ત્રમાં પણ આ અંગે ઘણુંબધું લખાયું છે, આપણે સૌ જાણીએ છીએ કે આ સિદ્ધાંતો માત્ર કાગળ પર જ કે, શૈક્ષણિક તાલીમી સંસ્થાઓના વર્ગખંડો પુરતા માર્યાદિત રહ્યા છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 અધ્યેતા-કેન્દ્રી શિક્ષણના અમલીકરણ માટેનો પણ માર્ગ પ્રશસ્ત કર્યો છે. આ નીતિએ અધ્યેતા-કેન્દ્રી શિક્ષણ પર ભાર મૂકતાં વિદારથીઓ માટે વિવિધ વિકલ્પો પ્રસ્તાવિત કરી તેની વ્યવહારુ કાર્યાન્વિતતા માટે નેશનલ ક્રેડિટ ફ્રેમવર્ક આપ્યું જે શિક્ષણક્ષેત્રે એક ક્રાંતિકારી કદ ગણી શકાય.

**ભારતીય શિક્ષણ પદ્ધતિમાં નેશનલ ક્રેડિટ ફ્રેમવર્ક (NCRF) દ્વારા ક્રાંતિ :**

**પરિચય :**

- નેશનલ ક્રેડિટ ફ્રેમવર્ક (NCRF), એ રાષ્ટ્રીય શિક્ષણનીતિ (NEP : 2020)ના આધારસ્તંભ તરીકે કામ કરે છે, જેનો ઉદ્દેશ સામાન્ય શિક્ષણ અને વ્યાવસાયિક શિક્ષણ વચ્ચેના ભેદને દૂર કરીને ભારતના શિક્ષણક્ષેત્રમાં ક્રાંતિ લાવવાનો છે. આ માળખું વિભાજીત થયેલી શિક્ષણપ્રણાલીને લવચીકતા અને એકીકરણ દ્વારા સમાવેશી બનાવવાનો પ્રયાસ કરે છે. જ્યાં દરેક વિદ્યાર્થીને આગળ વધવાની તક મળી શકે એવા વાતાવરણને પ્રોત્સાહન આપે છે.
- **નેશનલ ક્રેડિટ ફ્રેમવર્ક (NCRF) માળખાનો ઉદ્ભવ :** નેશનલ ક્રેડિટ ફ્રેમવર્ક (NCIF)નો ઉદ્ભવ NEP 2020ના ઉદ્દેશ્યોથી પ્રેરિત છે, જે વિવિધ પ્રકારનાં શિક્ષણ જેવાંકે - સામાન્ય શિક્ષણ, વ્યાવસાયિક શિક્ષણ અને કૌશલ્ય-આધારિત શિક્ષણ વચ્ચેના પરંપરાગત ભેદભાવોને દૂર કરી, શિક્ષણમાં સુધારાની માંગનું આહ્વાન કરે છે. આ સુધારા કે પરિવર્તનનું મૂળભૂત

લક્ષ્ય શૈક્ષણિક ક્ષેત્રોમાં વિદ્યાર્થીઓનાં આંતર સ્થાનાંતર વ્યવહાર સરળ કરવાનું છે, જેથી શિક્ષણપ્રણાલી સર્વસમાવેશી અને વૈવિધ્યસભર બને. આ આંતર-સ્થાનાંતર વિવિધ ક્ષેત્રોમાં રસ-રુચિ ધરાવતા વિદ્યાર્થીઓની જરૂરિયાતોની યથાર્થ પૂર્તિ થઈ શકે તે મુજબનું ઇચ્છનીય પરિવર્તન લાવી શકાય.

**શૈક્ષણિક ક્રેડિટ :**

શૈક્ષણિક ક્રેડિટ્સની વિભાવના પાશ્ચાત્ય દેશોમાં જાણીતી છે. પાશ્ચાત્ય દેશોમાં એક ક્રેડિટ એટલે સામાન્ય રીતે દર સપ્તાહ એક કલાકનું વર્ગખંડમાં પ્રત્યક્ષ શિક્ષણકાર્ય અને અંદાજે બે કલાકનું ગૃહકાર્ય અથવા સ્વાધ્યાયકાર્ય. (આ સ્વાધ્યાયકાર્યના કલાકો જે તે અભ્યાસક્રમના સ્નાતક કે અનુસ્નાતક કક્ષાએ અને અભ્યાસના ક્ષેત્ર પ્રમાણે ભિન્ન ભિન્ન હોઈ શકે છે.) આ વિભાવના મુજબ ભારતીય અને તેમાંય ખાસ કરીને રાષ્ટ્રીય ક્રેડિટ માળખામાં શૈક્ષણિક ક્રેડિટની સંકલ્પના સમજીએ :

- નેશનલ ક્રેડિટ ફ્રેમવર્ક (NCRF) માં 'ક્રેડિટ' એટલે વિદ્યાર્થીએ ઔપચારિક, અનૌપચારિક કે ઔપચારિકેતર માધ્યમથી પ્રાપ્ત કરેલ અધ્યયન કે કૌશલ્યના મૂલ્યાંકન આધારિત સંખ્યાકીય નિરૂપણનો એકમ.
- શૈક્ષણિક કાર્યક્રમમાં જે તે ક્રેડિટની અધ્યયન નિષ્પત્તિ અને અધ્યયનના અનુમાનિત કલાકો સુનિશ્ચિત કરેલ છે.
- નેશનલ ક્રેડિટ ફ્રેમવર્ક (NCRF)માં 'ક્રેડિટ' એટલે અધ્યયનના નિયત કરેલ કુલ અનુમાનિત કલાકો. જેમાં વર્ગખંડ શિક્ષણ, જે તે પ્રયોગશાળામાં પ્રાયોગિક કાર્ય, વિવિધ શૈક્ષણિક, સહ-શૈક્ષણિક અને ઈતર પ્રવૃત્તિઓ, સ્વાધ્યાય કાર્ય, કૌશલ્ય તાલીમ અને મૂલ્યાંકન વિગેરે.
- નેશનલ ક્રેડિટ ફ્રેમવર્ક (NCRF)માં એક શૈક્ષણિક વર્ષમાં કુલ 1200 કલાકનું અધ્યયન બાદ મૂલ્યાંકનને આધારે 40 ક્રેડિટ આપવાનું નિર્ધારિત કરેલ છે. આ ગણતરી મુજબ એક ક્રેડિટ એટલે અનુમાનિત 30 કલાકનું અધ્યયન.
- **ક્રેડિટ સંચય અને આંતર-સ્થાનાંતર :** ક્રેડિટ ભારતીય શિક્ષણના વિવિધ વિદ્યાશાખાઓ અને વિવિધ રાજ્યોની સંસ્થાઓ વચ્ચે આંતર સ્થાનાંતર થઈ શકે, જેથી વિદ્યાર્થીઓ વિવિધ આંતર-પ્રવાહોના શિક્ષણ મેળવવાની સરળતા ઊભી થાય છે.

- **શિક્ષણ અને કૌશલ્યવર્ધનમાં ધરમૂળથી ફેરફાર :** નેશનલ ક્રેડિટ ફ્રેમવર્ક (NCRF) આ માળખું રચનાત્મક હોવા ઉપરાંત અનુકૂલનશીલ હોવાથી સામાન્ય શિક્ષણ અને કૌશલ્યશિક્ષણના પર્યાવરણમાં આમૂલ પરિવર્તન લાવે છે. તે શિક્ષણના ઔપચારિક, અનૌપચારિક અને ઔપચારીકેતર સહિતનાં તમામ શિક્ષણ સ્વરૂપોમાંથી થતા અધ્યયનને ઓળખી તેનો સમાવેશ એક વ્યાપક શિક્ષણ અનુભવ તરીકે સુનિશ્ચિત કરે છે.
- **નેશનલ ક્રેડિટ ફ્રેમવર્ક (NCRF)ની સહયોગી સંસ્થાઓ :** નેશનલ ક્રેડિટ ફ્રેમવર્ક (NCRF) ની રચના વિવિધ ઉચ્ચ ભારતીય સંસ્થાઓના સંયુક્ત પ્રયાસ દ્વારા કરવામાં આવેલ છે, જેમાં યુનિવર્સિટી ગ્રાન્ટ કમીશન (UGC), ઑલ ઇન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન(AICTE), ડાયરેક્ટરેટ ઓફ જનરલ ટ્રેનિંગ (DGT), નેશનલ ઇન્સ્ટીટયુટ ઓફ ઑપન સ્કૂલિંગ (NIOS), સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE), નેશનલ કાઉન્સિલ ઓફ વોકેશનલ એજ્યુકેશન (NCVT), નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશન રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (NCERT), મિનિસ્ટ્રી ઓફ એજ્યુકેશન ઓફ સ્કીલ ડેવલપમેન્ટ Ministry of Education and Ministry of Skills Development જેવી મુખ્ય શૈક્ષણિક સંસ્થાઓ સામેલ છે. આ સહયોગી અભિગમથી એ સુનિશ્ચિત થયું કે આ માળખું સર્વવ્યાપી અને સમાવેશી હોય, જે ભારતમાં શિક્ષણની વિવિધ જરૂરિયાતોને પૂર્ણ કરે.

**નેશનલ ક્રેડિટ ફ્રેમવર્ક (NCRF)ના અમલીકરણના ફાયદા :**

નેશનલ ક્રેડિટ ફ્રેમવર્ક (NCRF)ના અમલીકરણથી શિક્ષણ માળખામાં નોંધપાત્ર ફાયદાઓ થાય તેમ છે.

- લવચીકતા અને ગતિશીલતા : NCRF વિદ્યાર્થીઓને સામાન્ય શિક્ષણ, વ્યવસાયલક્ષી શિક્ષણ, કૌરશલ્ય તાલીમ વિવિધ શૈક્ષણિક માર્ગો પર સરળતાથી આગળ વધવાની સુવિધા આપે છે. એટલું જ નહીં તે પૈકી વિવિધ શિક્ષણ શાખાઓમાં આંતર સ્થાનાંતર કરી શકે છે.
- પૂર્વ શિક્ષણને માન્યતા : NCF અનૌપચારિક શિક્ષણના અનુભવોને ઔપચારિક શિક્ષણ પ્રણાલીમાં પ્રમાણિત કરી સંચયિત કરે છે, જેમાં તમામ પ્રકારના શિક્ષણ સ્વરૂપોને સ્વીકારવામાં આવે છે.

- નિરંતર શિક્ષણ પ્રત્યેની પ્રતિબદ્ધ તાઃ NCRF વ્યક્તિગત કારકિર્દી અને વ્યક્તિગત વિકાસની જરૂરિયાતોને અનુરૂપ સામાન્ય શિક્ષણ અને કૌશલ્યવર્ધનને પ્રોત્સાહન આપે છે.

**સિંગલ મેટા ફ્રેમવર્કના સિદ્ધાંતો :**

સિંગલ મેટા ફ્રેમવર્કના સિદ્ધાંત નેશનલ ક્રેડિટ ફ્રેમવર્ક (NCRF)ના કેન્દ્રસ્થાને છે, જે શિક્ષણના તમામ સ્વરૂપોમાં શૈક્ષણિક ક્રેડિટ પદ્ધતિને સંચયિત કરવા અને પ્રમાણિત કરવા માટે રચાયેલ છે, જેનાં મુખ્ય લક્ષણો નીચે મુજબ છે :

- સમગ્ર શિક્ષણના પ્રકારોમાં એકરૂપતા : આ સિદ્ધાંત શૈક્ષણિક, વ્યાવસાયિક અને કૌશલ્ય-આધારિત શિક્ષણ માટે ક્રેડિટ પદ્ધતિને એકરૂપ અને પ્રમાણભૂત બનાવે છે.
- ક્રેડિટ્સની તબદિલીનું સરળીકરણ : આ સિદ્ધાંત વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ તેમજ વિદ્યાશાખાઓ એકબીજા સાથે ક્રેડિટનું સરળ રીતે હસ્તાંતરણ કરે છે અને વિદ્યાર્થીએ લીધેલ શિક્ષણને પ્રમાણિત કરવાની સુવિધા પ્રદાન કરે છે.
- પારદર્શકતા : આ સિદ્ધાંત ક્રેડિટ આપવાની પ્રક્રિયામાં સ્પષ્ટતા અને સુસંગતતા પ્રદાન કરે છે, જેથી વિદ્યાર્થીએ અર્જિત કરેલ ક્રેડિટ્સને આધારે સંસ્થાઓને જે-તે વિદ્યાર્થિની આગામી શિક્ષણ યાત્રા સમજવામાં સરળતા રહે છે.
- વિવિધ પ્લેટફોર્મ પર સંકલન : આ સિદ્ધાંત બધા શૈક્ષણિક સ્તરોને એક જ ફ્રેમવર્કમાં એકીકૃત કરે છે, જે શિક્ષણમાં સમગ્ર દષ્ટિકોણને પ્રોત્સાહન આપે છે.
- નિરંતર શિક્ષણનો પાયો : આ સિદ્ધાંત શૈક્ષણિક વ્યવસ્થામાં બહુવિધ પ્રવેશ અને બહુવિધ નિર્ગમન (જેની તે જ અથવા અન્ય વિદ્યાશાખા કે શિક્ષણ સ્વરૂપમાં) (Multiple Entry and Multiple Exit- ME-ME) સુવિધાયુક્ત બનાવે છે, જે નિરંતર શિક્ષણને સુદઢ કરે છે.
- ક્રેડિટ પ્રદાન અને તબદીલી ક્ષમતા : નેશનલ ક્રેડિટ ફ્રેમવર્ક (NCRF) ક્રેડિટ્સના લવચીક સંચયને પ્રોત્સાહન આપે છે, જેને વિવિધ શૈક્ષણિક કાર્યક્રમો અને સંસ્થાઓમાં તબદીલ કરી શકાય છે, જે વિદ્યાર્થીઓને તેમની નિરંતર શિક્ષણ યાત્રાઓ અને વ્યાવસાયિક વિકાસ સરળ કરી આપે છે.

**ક્રેડિટ વ્યવસ્થાપનમાં ડિજિટલ નવાચાર :**

**એકેડેમિક બેંક ઓફ ક્રેડિટ્સ :**

એકેડેમિક બેંક ઓફ ક્રેડીટ (www.abc.gov.in) એ કેન્દ્ર સરકાર દ્વારા શરુ કરવામાં આવેલ પોર્ટલ છે, જ્યાં વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ અને શાળા-કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ નોંધણી કરાવી શકે. અહીં શૈક્ષણિક સંસ્થાઓ જે તે વિદ્યાર્થીઓએ અર્જિત કરેલ અધ્યયન ક્રેડિટ સ્વરૂપે સંચયિત કરી શકે.

**અપાર કાર્ડ (APAAR Card) :**

અપારકાર્ડ (Automated Permanent Academic Account Registry) કેન્દ્ર સરકાર દ્વારા વિદ્યાર્થીઓનો આપવામાં આવતું ડિજીટલ ઓળખપત્ર, જ્યાં વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિઓ ડિજીટલ માધ્યમથી સંચયિત કરવામાં આવે છે. વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ વિદ્યાર્થીએ અર્જિત કરેલ શૈક્ષણિક ક્રેડિટ્સ જે તે વિદ્યાર્થીના શૈક્ષણિક ખાતામાં જમા આપે છે. જે અપાર કાર્ડમાં જમા થાય છે. જેથી વિદ્યાર્થીનું એક સંસ્થામાંથી બીજી સંસ્થામાં આંતર સ્થાનાંતર સરળ બની શકે.

**ડિજીલૉકર :**

ડિજિલૉકર એ ભારત સરકાર ઇલેક્ટ્રોનીક્સ અને ઇન્ફર્મેશન ટેકનોલોજી વિભાગ તરફથી શરુ કરેલ એક પહેલ છે. જે ડિજીટલ વૉલેટ તરીકે કાર્ય કરે છે. ડિજિલૉકર એ એક ડિજીટલ માળખું પૂરું પાડે છે જ્યાં ભારતીય નાગરિકો તેમના વિવિધ દસ્તાવેજો અને વિવિધ પ્રમાણપત્રોને સુરક્ષિત રીતે સંચયિત કરી શકે છે.

**નેશનલ ક્રેડિટ ફ્રેમવર્કમાં, એકેડેમિક બેન્ક ઓફ ક્રેડિટ, અપાર કાર્ડ અને ડિજીલૉકરનું જોડાણ :**

- **ઓળખની ખરાઈ :** ઓળખની ખરાઈ માટે આધારકાર્ડનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓ એકેડેમિક બેંક ઓફ ક્રેડિટ્સ અને ડિજીલૉકર જેવા પ્લેટફોર્મ પર સુરક્ષિત રીતે નોંધણી કરાવી શકે છે, જે કોઈ પણ જાતની વિસંગતતા વિના દરેક વ્યક્તિના શૈક્ષણિક રેકોર્ડ્સ અને ક્રેડિટ ટ્રાન્સફર સચોટ રીતે થાય તે સુનિશ્ચિત કરે છે.
- **ક્રેડિટ સંચય અને તબદીલી :** વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ સંસ્થાઓમાં વિવિધ સમયગાળા દરમિયાન જે-તે સફળતાપૂર્વક પૂર્ણ કરેલ શૈક્ષણિક કાર્યક્રમોની એટલે કે અર્જિત કરેલ ક્રેડિટ્સ એકેડેમિક બેંક ઓફ ક્રેડિટમાં નોંધવામાં આવે છે. વિદ્યાર્થી દ્વારા સંચયિત કરેલ શૈક્ષણિક ક્રેડિટનું બેંકખાતાની જેમ સંચાલન કરી શકાય છે. સદર ક્રેડિટ સંચય વિદ્યાર્થીના આધારકાર્ડથી પ્રમાણિત થયેલ પ્રોફાઇલ્સ સાથે સંલગ્ન હોય છે.

- **દસ્તાવેજોના સંચયની સુલભતા :** ડિજિલૉકરમાં શૈક્ષણિક દસ્તાવેજો, જેવા કે ટ્રાંસ્ક્રિપ્ટ્સ, માર્કશીટ્સ અને પ્રમાણપત્રો ડિજિટલ રીતે સંગ્રહિત કરવામાં આવે છે, જ્યારે જરૂર પડે ત્યારે ક્રેડિટ તબદીલી માટે અથવા સંસ્થાઓમાં પ્રવેશ માટે આ દસ્તાવેજોને સરળતાથી જોઈ શકાય છે. આ સંચય રોજગાર અથવા આગળના અભ્યાસ માટે શૈક્ષણિક લાયકાતો પ્રમાણિત કરવાની પ્રક્રિયાને પણ સરળ બનાવે છે.
- **સરળ અને સુરક્ષિત :** આ ડિજીલોકર વિદ્યાર્થીઓના શૈક્ષણિક દસ્તાવેજોનો સંચય કરે છે અને જ્યારે જરૂર પડે ત્યારે સરળતાથી તેમને એકસાથે જોઈ શકાય કે મેળવી શકાય તે સુનિશ્ચિત કરે છે. તે વિવિધ સંસ્થાઓ વચ્ચે સરળતાથી ક્રેડિટ્સની તબદીલી થઈ શકે અને તેમના શૈક્ષણિક પ્રમાણપત્રોનો સુરક્ષિત રીતે સંચયિત કરી શકાય તે સુનિશ્ચિત કરે છે. આ માળખું રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP:2020)માં નિર્દેશિત લવચીકતા પૂરી પાડે છે અને અવૈધ દાવાઓમાં ઘટાડો કરે છે. આ ડિજીટલ સંચય ભારતના વિવિધતાથી ભરેલા અને વિશાળ શૈક્ષણિક કાર્યક્ષેત્રમાં શૈક્ષણિક દસ્તાવેજોના સંચાલનના ધરમૂળથી ફેરફાર કરવાના મહત્ત્વાકાંક્ષી વિચારને પરિપૂર્ણ કરે છે.

**અમલીકરણ વ્યૂહરચના :**

નેશનલ ક્રેડિટ ફ્રેમવર્ક (NCIF)નો અમલ કરવા માટે વિવિધ શૈક્ષણિક અને સરકારી સંસ્થાઓમાં સંકલિત પ્રયત્નોની જરૂર છે. આ વ્યૂહરચનામાં કેટલાંક ચાવીરૂપ ક્ષેત્રોનો સમાવેશ થાય છે.

**APAAR કાર્ડ :**

**APAAR ઓટોમેટેડ પર્મનેન્ટ એકેડેમિક એકાઉન્ટ રજિસ્ટ્રી :** રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 'એક વિદ્યાર્થી એક ઓળખ' હેઠળના શૈક્ષણિક નવાચારોનો એક મહત્ત્વપૂર્ણ ભાગ છે. આ પદ્ધતિ વિદ્યાર્થીઓ માટે એક આગવું ઓળખકાર્ડ પ્રદાન કરે છે, જેમાં વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિઓને એક જગાએ સંચયિત કરી વિવિધ શૈક્ષણિક સ્તરો અને સંસ્થાઓ સાથેનું સંકલન સુવ્યવસ્થિત રીતે સંચાલિત કરવા માટે સક્ષમ બનાવે છે.

**APAAR કાર્ડની મુખ્ય વિશેષતાઓ :**

**આગવી ઓળખ :** દરેક વિદ્યાર્થીને 12-અંકનો આગવો ID મળે છે જે ડિજીટલ ઓળખ તરીકે કામ કરે છે.

**શૈક્ષણિક સિદ્ધિઓનો સંચય :** APAAR ID વિદ્યાર્થીઓને તેમના શૈક્ષણિક ક્રેડિટ્સ, જેમ કે ગુણપત્રક, ડિગ્રી, ડિપ્લોમા, વિગેરે પ્રમાણપત્રોને ડિજીટલ માધ્યમથી સંચયિત અને સંચાલન કરવાની સુવિધા આપે છે.

**શૈક્ષણિક અને સહ-શૈક્ષણિક સિદ્ધિઓનું સંકલન :** આ કાર્ડ ફક્ત શૈક્ષણિક સિદ્ધિઓ જ નહીં પરંતુ સહ-શૈક્ષણિક પ્રવૃત્તિઓનો પણ સમાવેશ કરે છે. જેથી વિદ્યાર્થીની શૈક્ષણિક યાત્રાના સમગ્ર રેકર્ડસનું એક જગાએ સંચયિત કરી શકાય.

**અભ્યાસક્રમ પરિવર્તન :**

- અભ્યાસક્રમમાં પરિવર્તન : ક્રેડિટ પદ્ધતિ સાથે સુસંગત બનાવવા માટે શૈક્ષણિક અભ્યાસક્રમમાં ફેરફાર કરવાની જરૂર છે. નેશનલ ક્રેડિટ માળખા મુજબ અભ્યાસક્રમની અધ્યયન નિષ્પત્તિઓને સુવ્યાખ્યાયિત કરે અને પ્રમાણભૂત મૂલ્યાંકનને આધારે અને ક્રેડિટ આપવામાં આવે છે.
- અધ્યયન નિષ્પત્તિ : દરેક શૈક્ષણિક કાર્યક્રમ કે અભ્યાસક્રમ કે તેના દરેક મોડયુલ તેમની અધ્યયન નિષ્પત્તિઓ અને તે માટેનો અધ્યયન સમય (કલાકોમાં) સ્પષ્ટપણે વ્યાખ્યાયિત કરવા, કે જે આપવામાં આવેલી ક્રેડિટ સાથે જોડાયેલા હોય છે.

**ક્ષમતા નિર્માણ :**

- શિક્ષકોની તાલીમ : શિક્ષકો અને પ્રશિક્ષકોને નવી પદ્ધતિને અનુકૂળ થવા માટે તાલીમ જરૂરી છે, જે પરંપરાગત શિક્ષણ પદ્ધતિ એટલે કે ગોખણપટ્ટીને બદલે પરિણામ-આધારિત શિક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરે છે.
- વહીવટી તાલીમ : શૈક્ષણિક સંસ્થાઓમાં વહીવટી કર્મચારીઓને ક્રેડિટ પદ્ધતિની તબદીલી અને તેના વિવધ પાસાઓના સંચાલન માટે તાલીમ જરૂરી છે.

**તકનીકી ઇન્ફ્રાસ્ટ્રક્ચર (સંસાધન) :**

- સક્ષમ પ્લેટફોર્મનું નિર્માણ : એકેડેમિક બેંક ઓફ ક્રેડિટની સફળતા સક્ષમ અને સુરક્ષિત આઇટીની માળખાગત સુવિધા પર આધારિત છે, જે આટલા મોટા પ્રમાણમાં ડેટાનું સુરક્ષિત રીતે સંચાલન કરી વિદ્યાર્થીઓ અને સંસ્થાઓ સરળ અને સુલભતાથી તે જોઈ શકે અને તેનું સંચાલન કરી શકે તેવા મંચનું નિર્માણ કરવામાં આવે.
- આંતર સ્થાનાંતર : વિવિધ રાજ્યો અને સરકારી કે ખાનગી શૈક્ષણિક સંસ્થાઓમાં ક્રેડિટ્સનું આંતર સ્થાનાંતર થાય અને આ વ્યવસ્થાઓમાં ક્રેડિટ પદ્ધતિ સાતત્યપૂર્ણ કાર્ય કરે તે સુનિશ્ચિત કરવું તે તેની સફળતા માટે મહત્ત્વપૂર્ણ છે.

**પડકારો :**

નેશનલ ક્રેડિટ ફ્રેમવર્ક (NCRF) ભારતીય શિક્ષણ માળખામાં પરિવર્તનની અસીમ સંભાવનાઓ ધરાવે છે, પરંતુ તેના અમલીકરણ સામે ઘણા પડકારો છે :

- વૈચારિક અને સાંસ્કૃતિક પ્રતિરોધ : વ્યાવસાયિક અને અનૌપચારિક શિક્ષણ પ્રત્યે શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીઓની પરંપરાગત માનસિકતાને બદલવી પડકારજનક

બની શકે છે.

- સંસાધનોની ફાળવણી : જરૂરી ટેકનોલોજીકલ માળખાગત સુવિધા અને તાલીમ કાર્યક્રમો વિકસાવવા નોંધપાત્ર સંસાધનોના રોકાણની જરૂર પડે છે.
- પ્રમાણીકરણ મુદ્દાઓ : ભારતમાં વિવિધ શૈક્ષણિક વ્યવસ્થાઓમાં એકસમાન ધોરણોનું સર્જન કરવું એ જટિલ બાબત છે.
- ડિજીલૉકર એ એક ડિજીટલ સુરક્ષિત પ્લેટફોર્મ હોવા છતાં જયારે અપાર કાર્ડને આધાર કાર્ડ સાથે જોડવાનું હોવાથી આધારકાર્ડના નામે છેલ્લા વર્ષોમાં થયેલ આર્થિક છેતરપિંડીના કારણે વાલીઓમાં અવિશ્વાસનું વાતાવરણ સર્જાયું છે તેના લીધે અપાર કાર્ડમાં નોંધણી કરાવતા ખચકાટ જોવા મળી શકે.

**નિરાકરણ :**

- જાગૃતિ અભિયાન : નેશનલ ક્રેડિટ ફ્રેમવર્ક (NCRF)ના ફાયદાઓ અંગે હિતધારકોને શિક્ષિત કરવા માટેના વ્યાપક અભિયાનો ચલાવવામાં આવે જે અમલીકરણને સહાયક બની શકે છે.
- સરકારી ભંડોળ અને સહાય : જરૂરી ઇન્ફોર્મેશન ટેકનોલોજી તેમજ અન્ય માળખાગત સુવિધા અને તાલીમ કાર્યક્રમો વિકસાવવા માટે પર્યાપ્ત ભંડોળ અને નીતિગત ફેરફારો કરવા આવશ્યક છે.
- પાયલોટ પ્રોજેક્ટ્સ : નેશનલ ક્રેડિટ ફ્રેમવર્ક (NCRF)ના અમલ કરતા પહેલાં પસંદગીના વિસ્તારોમાં પાયલોટ પ્રોજેક્ટ્સનો અમલ કરવાથી વ્યાવહારિક પડકારો અને અસરકારકતાને સમજવામાં મદદ મળી શકે છે.

**નિષ્કર્ષ :**

નેશનલ ક્રેડિટ ફ્રેમવર્ક (NCIF) ભારતની શૈક્ષણિક ઉત્કૃષ્ટતાની શોધમાં પરિવર્તનકારી વ્યૂહરચના તરીકે સ્થાપિત કરાયું છે. સુગ્રથિત, લવચીક અને અધ્યેતાકેન્દ્રી શૈક્ષણિક વાતાવરણને પ્રોત્સાહન આપીને નેશનલ ક્રેડિટ ફ્રેમવર્ક (NCRF) સમગ્ર દેશમાં શિક્ષણની ગુણવત્તા અને સુલભતામાં વધારો કરે છે; એટલું જ નહીં, પરંતુ તેના ભારતની આટલી મોટી જન-સંખ્યા માટે અસરકારક રીતે ઉત્પાદક (ડેમોગ્રાફિક ડિવિડન્ડ) બને. આ પરિવર્તન દેશને વૈશ્વિક જ્ઞાન મહાસત્તા બનવાનો માર્ગ પ્રશસ્ત કરે છે.

**नए दौर में लिखेंगे मिलकर नई कहानी ।**

# વિવિધ શૈક્ષણિક ડિગ્રી માટે મળતા ક્રેડિટ્સ, ક્રેડિટ સ્તર તેમજ તેમની આંતર-તબદીલી અંગે નિયત સમકક્ષતા દર્શાવતો કોઠો

| શિક્ષણનું સ્તર/ પ્રતિવર્ષ અધ્યયન કલાકો | એકેડેમિક બેન્ડ/ NSQF | ક્રેડિટ સ્તર | ક્રેડિટ પ્રતિ વર્ષ | કુલ અર્જિત ક્રેડિટ્સ | સમકક્ષ પ્રમાણપત્ર / પરીક્ષાનું સ્તર |
|---|---|---|---|---|---|
| ડોક્ટરેટ ડિગ્રી - પીએચડી | NSQF સ્તર ૮ STT | 8 | 40 | 320 | |
| અનુસ્નાતક ડિગ્રી - એમઈ/એમ.ટેક (બીજું વર્ષ) 1200 કલાક /વર્ષ | NSQF સ્તર ૭ STT | 7 | 40 | 280 | M.Tech. -II Yr, Engg PG ડિગ્રી |
| અનુસ્નાતક ડિગ્રી - એમઈ/એમ.ટેક (પ્રથમ વર્ષ)1200 કલાક /વર્ષ | NSQF સ્તર ૬.૫ STT | 6.5 | 40 | 260 | PG ડિગ્રી/ એમ.વોક / M.Sc (eng) |
| સ્નાતક ડિગ્રી - ચોથું વર્ષ 1200 કલાક /વર્ષ | NSQF સ્તર ૬ STT | 6 | 40 | 240 | UG- ડિગ્રી (ઓનર્સ)/પીજી ડિપ્લોમા/બી.ટેક/બી.ઇ. |
| સ્નાતક ડિગ્રી - ત્રીજું વર્ષ1200 કલાક /વર્ષ | NSQF સ્તર ૫.૫ STT | 5.5 | 40 | 220 | UG- ડિગ્રી/ બી.વોક./B.Sc એન્જી. |
| સ્નાતક ડિગ્રી - બીજું વર્ષ 1200 કલાક /વર્ષ | NSQF સ્તર ૫ STT | 5 | 40 | 200 | UG- ડિપ્લોમા/ડિપ્લોમા-એંજિન્ગા |
| સ્નાતક ડિગ્રી - પ્રથમ વર્ષ 1200 કલાક /વર્ષ | NSQF સ્તર ૪.૫ STT | 4.5 | 40 | 180 | UG- પ્રમાણપત્ર |
| ધોરણ XII 1200 કલાક /વર્ષ | NSQF સ્તર ૪ STT | 4 | 40 | 160 | ધોરણ 12 (CBSE/ રાજ્ય બોર્ડ્સ/NIOS બોર્ડ દ્વારા/ અન્ય માન્ય બોર્ડ) |
| ધોરણ XI 1200 કલાક /વર્ષ | NSQF સ્તર ૩.૫ STT | 3.5 | 40 | 140 | ધોરણ 11 (CBSE/ રાજ્ય બોર્ડ્સ/NIOS બોર્ડ દ્વારા/ અન્ય માન્ય બોર્ડ) |
| ધોરણ X 1200 કલાક /વર્ષ | NSQF સ્તર ૩ STT | 3 | 40 | 120 | ધોરણ 10 (CBSE/ રાજ્ય બોર્ડ્સ/NIOS બોર્ડ દ્વારા/ અન્ય માન્ય બોર્ડ) |
| ધોરણ IX 1200 કલાક /વર્ષ | NSQF સ્તર ૨.૫ STT | 2.5 | 40 | 100 | ધોરણ 9 (CBSE/ રાજ્ય બોર્ડ્સ/NIOS બોર્ડ દ્વારા/ અન્ય માન્ય બોર્ડ) |
| ધોરણ VIII 1200 કલાક /વર્ષ | NSQF સ્તર ૨ STT | 2 | 40 | 80 | ધોરણ 8 (CBSE/ રાજ્ય બોર્ડ્સ/NIOS બોર્ડ દ્વારા/ અન્ય માન્ય બોર્ડ) |
| ધોરણ VII 1200 કલાક /વર્ષ | NSQF સ્તર ૨ STT | 1.67 | 40 | 67 | ધોરણ 7 (CBSE/ રાજ્ય બોર્ડ્સ/NIOS બોર્ડ દ્વારા/ અન્ય માન્ય બોર્ડ) |
| ધોરણ VI 1200 કલાક /વર્ષ | NSQF સ્તર ૧ STT | 1.33 | 40 | 53 | ધોરણ 6 (CBSE/ રાજ્ય બોર્ડ્સ/NIOS બોર્ડ દ્વારા/ અન્ય માન્ય બોર્ડ) |
| ધોરણ V 1000 કલાક /વર્ષ | NSQF સ્તર ૧ STT | 1 | 33 | 33 | ધોરણ 5 (CBSE/ રાજ્ય બોર્ડ્સ/NIOS બોર્ડ દ્વારા/ અન્ય માન્ય બોર્ડ) |
| ધોરણ IV 1000 કલાક /વર્ષ | NSQF સ્તર ૧ STT | 0.8 | 33 | 26.4 | ધોરણ 4 (CBSE/ રાજ્ય બોર્ડ્સ/NIOS બોર્ડ દ્વારા/ અન્ય માન્ય બોર્ડ) |
| ધોરણ III 1000 કલાક /વર્ષ | NSQF સ્તર ૧ STT | 0.6 | 33 | 19.8 | ધોરણ 3 (CBSE/ રાજ્ય બોર્ડ્સ/NIOS બોર્ડ દ્વારા/ અન્ય માન્ય બોર્ડ) |
| ધોરણ II 800 કલાક /વર્ષ | NSQF સ્તર ૧ STT | 0.4 | 27 | 10.8 | ધોરણ 2 (CBSE/ રાજ્ય બોર્ડ્સ/NIOS બોર્ડ દ્વારા/ અન્ય માન્ય બોર્ડ) |
| ધોરણ I 800 કલાક /વર્ષ | NSQF સ્તર ૧ STT | 0.2 | 27 | 5.4 | ધોરણ 1 (CBSE/ રાજ્ય બોર્ડ્સ/NIOS બોર્ડ દ્વારા/ અન્ય માન્ય બોર્ડ) |
| પ્રિ-સ્કૂલ (3 વર્ષ) 800 કલાક /વર્ષ | NSQF સ્તર ૧ STT | 0. 1x3 | 27x3=81 | 8.1 | પ્રિ-સ્કૂલ (3 વર્ષ) (CBSE/ રાજ્ય બોર્ડ્સ/NIOS બોર્ડ દ્વારા/ અન્ય માન્ય બોર્ડ) |

# पढ़ाई का विज्ञान-५

– પ્રાંજલભાઈ જોષી
C.A., પુના.
ડાયરેક્ટર, D.S.P.P.L.

पिछले महीने "पढाई का विज्ञान" कार्यक्रम के लिए में यात्रा कर रहा था । यह 10वीं कक्षा के छात्रों, उनके माता-पिता और शिक्षकों के लिए था । क्यूंकि यह दूसरे शहर में था, मैं बस से सफर कर रहा था और बस में बैठे हुए, मैं खुद को सत्र, उसके क्रम और इसे प्रस्तुत करने के तरीके के लिए तैयार कर रहा था।

कुछ देर बाद हमारे बस ड्राइवर ने पहाड़ी इलाके में गाड़ी रोक दी । हम सड़क किनारे एक चाय की दुकान पर रुके। हम पहाड़ियों में काफी ऊपर थे और इसलिए, पहाड़ियों के नीचे झुकती सड़कें देख सकते थे। मैं ऊपर से देख सकता था कि एक सड़क थी जिसके बीच में एक बड़ी सुरंग (tunnel) थी। चाय पीते हुए मैं उस सड़क और सुरंग (tunnel) से आती-जाती गाड़ियों को देख रहा था। उसी समय, मैंने देखा कि एक अच्छी नई कार, शायद बीएमडब्ल्यू हो, सड़क के एक तरफ से आ रही थी और जल्द ही सुरंग (tunnel) में चली गई। में बीएमडब्ल्यू को बाहर आते देखने की उम्मीद में सुरंग के दूसरी तरफ देख रहा था। लेकिन काफी देर तक इंतजार करने के बाद भी वह सुरंग के दूसरी तरफ से बाहर नहीं आई। मेरी जिज्ञासा और बढ़ गई। अरे, गाड़ी सुरंग के अंदर तो गई, लेकिन बाहर क्यों नहीं आई? लगभग 10 मिनट बीत गए लेकिन फिर भी कार बाहर नहीं आई। अगले पाँच मिनट के बाद, सुरंग के दूसरी तरफ से जहाँ से बीएमडब्ल्यू को निकलना था, लुंगी पहने एक आदमी साइकिल पर सवार होकर सुरंग से बाहर आया। अरे बाप रे! मैंने साइकिल वाले को तो सुरंग में जाते नहीं देखा। शायद में चूक गया, मेरा ध्यान शायद सुरंग की दूसरी तरफ था इसलिए शायद मैंने सायकिल वाले को देखा नहीं होगा। लेकिन फिर उस बीएमडब्ल्यू का क्या हुआ? इतने समय बाद भी यह सामने क्यों नहीं आ रहा है ? अचानक, हमारे ड्राइवर ने हॉर्न बजाया और मुझे यह

सोचकर अपनी सीट पर वापस जाना पड़ा कि उस बीएमडब्ल्यू के साथ क्या हुआ होगा ? क्या उस सुरंग के पास से ही कोई, अंदरसे ही और कोई सड़क थी जो मुझे ऊपर से दिखाई नहीं दे रही थी ? और वो कार उस सड़क से चली गयी हो। पता नहीं।

गाड़ी में अपनी सीट पर वापस आकर, मैंने फिर से खुद को पढ़ने के विज्ञान सत्र पर केंद्रित किया, और इस घटना और सीखने की प्रक्रिया के साथ इसके संबंध के बारे में कुछ देर तक सोचा। सीखने की प्रक्रिया पढ़ना, सुनना, अवलोकन करना या लिखना जैसी शारीरिक गतिविधि से शुरू होती है। लेकिन फिर यह आध्यात्मिक गतिविधि में बदल जाती है, जहां 4 महत्वपूर्ण चरण किए जाते हैं (1) अकादमिक इनपुट का भंडारण Storage (2) जो संग्रहीत किया जा रहा है उसकी समझ Understanding (3) विभिन्न विषयों पर प्राप्त समझ को आत्मसात करना Assimilation और अंत में (4) उचित रूप में प्रासंगिक आउटपुट की पुनर्प्राप्ति (Retrieval) परीक्षा की प्रकृति के लिए उपयुक्त पद्धति से प्रकट करना। फिर यह भौतिक क्षेत्र में वापस आता है जहां छात्र या तो लिखकर (लिखित परीक्षा के लिए) या प्रश्न का उत्तर देकर (मौखिक परीक्षा के लिए) उसे व्यक्त करता है। जो चीज़ एक शारीरिक गतिविधि के रूप में शुरू हुई और एक शारीरिक गतिविधि के रूप में समाप्त हुई, उसने बीच में आध्यात्मिक दुनिया से यात्रा की है, जो दिखाली नहीं देती है। इस आध्यात्मिक गतिविधि को सड़क पर उस सुरंग की तरह देखा जा सकता है। हल्के ढंग से कहें तो, बीएमडब्ल्यू कार सभी अच्छे इनपुटों का प्रतिनिधित्व कर सकती है जैसे विभिन्न विषयों के गुणवत्ता वाले नोट्स या किताबें, विशेषज्ञ शिक्षक, सहायक माता-पिता और स्कूलों और कॉलेजों में शिक्षक। लेकिन इन सभी अच्छे इनपुट और छात्र के लिए जरुरी अभ्यास का पोषक वातावरण रहने के बावजूद, अगर उसका परिणाम इस प्रकार है, जैसे बीएमडब्ल्यू सुरंग के अंदर तो जा रही है लेकिन आउटपुट के तौर पर एक साइकिल सुरंग से बाहर आ रही है? इनपुट अच्छा था, लेकिन यह बहुत खराब आउटपुट देने की प्रक्रिया में कहीं खो गया !

ऐसा कहा जाता है कि पढ़ना या सीखना सब हमारे "भीतर" होता है। लेकिन भीतर मतलब

आख़िर कहाँ ? ये जानना बहुत महत्वपूर्ण है। क्यूंकि पढ़ने की प्रक्रिया के ६ चरण में से ४ महत्वपूर्ण चरण "भीतर" हो रहे है।

ये 'भीतर" मतलब हमारे "अस्तित्व का मूल" जिसे "चित्त" कहा जाता है। यदि चित्त शुद्ध नहीं होगा तो हमें परीक्षा में प्रदर्शन करने में गंभीर समस्या होगी। जब चित्त शुद्ध और पारदर्शी होता है तो आप जो भी इनपुट लेते हो वह रास्ते में बिना किसी ऊर्जा हानि के आउटपुट के रूप में बाहर आ जाता है। सबसे अच्छी बात यह है कि ऊर्जा हमारी यादों में भी समाहित हो जाती है जिससे बेहतर बुद्धि बनती है। मेरे गुरु श्री अजीत सर हमेशा कहा करते थे "अंदर की पवित्रता बाहर की गुणवत्ता को जन्म देती है"। तो यह "चित्त" क्या है?

मानव के अस्तित्व में ७ पहलू शामिल हैं। आत्मा, बुद्धि, मन, हृदय (एक इकाई के रूप में न कि एक अंग के रूप में), शरीर, यादें और अहंकार। यह भीतर का एक परिवार ही है है। चित्त इसके मूल में है। जीवन में हर चीज़ चित्त की अभिव्यक्ति के अलावा और कुछ नहीं है। इसमें (ए) बुद्धि बुद्धिमत्ता का स्थान (बी) मन - विचारों का स्थान और (सी) हृदय भावनाओंका स्थान शामिल हैं। चित्त इन तीनोंसे बनता है। अब यह चित्त क्रिया को जन्म देने का काम कैसे करता है?

यह जानना दिलचस्प है कि कोई कार्य (या कर्म) कैसे बनता है। किसी भी अन्य (गतिविधि या) क्रिया की तरह सीखना या पढ़ना ये भी एक कर्म है। चेतना की तरंगों सब जगह पे है, जब ये चेतना बुद्धि को स्पर्श कराती है तो "कल्पना" जन्मा लेती है। चेतना जब और निचे उतरती है और मन के स्थान को स्पर्श कराती है तो कल्पना का विचार बनता है। चेतना और एक पायदान निचे आकर जब हृदय स्थान को स्पर्श करती है तो विचार भावना में तब्दील होता है। यदि भावनाएँ तीव्र हैं तो ऊर्जा भौतिक शरीर को छूने के लिए आगे बढ़ती है और कर्म की शुरुआत होती है, जो यादगारे (memories) और अहंकार (ego) की मदद से प्रकट होने लगती है, जो संदर्भ या ज्ञान और क्षमता के रूप में आवश्यक कच्चा माल प्रदान करती है। क्रमशः शारीरिक हलचलें होती है और इससे कर्म बनता है।

पढाई के दृष्टिकोण से, यदि चित्त अशुद्ध या अवरुद्ध है, तो इससे परीक्षा में असफल परिणाम हो सकता है, चाहे कोई कितना भी शारीरिक प्रयास क्यों न करे। किसी भी साधना का केवल एक ही लक्ष्य होता है अर्थात चित्त की शुद्धि। कोई आश्चर्य नहीं, परीक्षाओं में सफल अंक प्राप्त करने का मार्ग आध्यात्मिकता के मार्ग से होकर गुजरता है। जिसका चित्त जितना शुद्ध परीक्षा में उतनी ही सफलता, सरल गणित है।

अधिकांश आध्यात्मिक प्रथाओं में ध्यान शामिल है। "ध्यान" शब्द का अर्थ है उच्च स्तर की एकाग्रता या एक तीक्ष्णता या फोकस प्राप्त करना। शिक्षक और माता-पिता छात्रों को अध्ययन के दौरान कई बार "ध्यान केंद्रित करने" के लिए सचेत करते हैं, अर्थात ध्यान करने के लिए ही तो कहते है। तो हम सफल परिणाम प्राप्त करने के लिए आध्यात्मिक अभ्यास के महत्व को कैसे नजरअंदाज कर सकते हैं? वास्तव में, स्वामी विवेकानन्द ने इस सीखने की प्रक्रिया और स्कूल या कॉलेज की शिक्षा के बारे में इस प्रकार कहा है "मेरे लिए शिक्षा का सार मन की एकाग्रता है, न कि तथ्यों का संग्रह। अगर मुझे अपनी शिक्षा फिर से करनी पड़े और इस मामले में मेरी कोई राय हो, तो मैं तथ्यों का बिल्कुल भी अध्ययन नहीं करूंगा। मैं एकाग्रता और वैराग्य की शक्ति विकसित करूंगा और फिर एक उत्तम उपकरण (चित्त) की मदद से इच्छानुसार तथ्य एकत्र कर सकूंगा।"

इसलिए हमारा दृढ़ विश्वास है कि किसी को जीवन में उत्कृष्टता प्राप्त करने के लिए अपनी पसंद की आध्यात्मिक प्रथाओं को अपनाने की आवश्यकता है। स्कूल या कॉलेज की परीक्षा छात्र के जीवन का तो आध्यात्मिक साधना महत्वपूर्ण हिस्सा होना चाहिए। आप इस बारे में क्या सोचते हैं?

# લખો તો ખરા !

– દિનેશ માંકડ (9427960979

મિત્રો, તહેવારો અને વેકેશન બાદ હવે આપણને સહુને શાળાના વાર્ષિક પરિણામો અને બોર્ડમાં આપણા વિદ્યાર્થીઓનો યોગ્ય દેખાવ સારો રહે તેનો વિશેષ વિચાર આવે. અલબત્ત હજી ત્રણેક માસ બાકી છે પણ કેટલીક વિશેષ બાબતો પર ધ્યાન આપવા માટે થોડો વધારે સમય આપીએ તો યોગ્ય પરિણામ મળે. તેથી અહીં એક મુદ્દો થોડો વહેલો મુક્યો છે.

જૂની રમૂજ યાદ આવે છે – ભાષાશિક્ષકે નિબંધ લખવા આપ્યો, 'મેં જોયેલી ક્રિકેટ મેચ'. મનિયાએ નિબંધ લેખનની નોટમાં લખ્યું, 'વરસાદ હોવાથી મેચ બંધ રહી.' નિબંધ પૂરો.

જો એસ.એસ.સી. કે એચ.એસ.સી.માં 100% બહુવિકલ્પ કસોટી M.C.Q. આવે તો શાળામાં બધા મનિયા જ પેદા થાય. કોઈ સ્વીકારે કે ન સ્વીકારે પણ જ્યારથી પરીક્ષામાં બહુવિકલ્પ પ્રશ્નોને સ્થાન મળ્યું છે ત્યારથી થોડું વિચારીને કે વધારે લખવાની ટેવ છૂટી છે. મૌલિક વિચાર શક્તિને શ્રમ આપવાની વિદ્યાર્થીને ટેવ જ નથી. શિક્ષણમાં પૂર્ણ વિચાર પછી જ પ્રયોગો થાય તે અતિ આવશ્યક છે, કારણ કે શિક્ષણક્ષેત્ર કોઈ એવી પ્રયોગશાળા નથી, જેમાં રસાયણો કે પ્રાણીઓ પર પ્રયોગ કરીને તારણ કાઢી શકાય. અહીં તો ચેતનવંતુ તત્ત્વ અને તે પણ આવતીકાલે પૂર્ણપણે ખીલવાની ક્ષમતા ધરાવતું માનવપુષ્પ છે. અહીં થતા પ્રયોગો અને પછી અમલની અસર અને આડઅસરનો ગંભીરતાપૂર્વક વિચાર કરવો ઘટે.

માનવ મન પાસે વિચારવાની ને વિસ્તારવાની અદ્વિતીય શક્તિ છે. જ્યાં અને જેવું ફલક મળે, ત્યાં ખીલી ઉઠે. મન ખૂબ વિચારી શકે, વિસ્તરી શકે, એટલે જ તો નિબંધલેખન અને નિબંધ પ્રકારના ઉત્તરવાળા પ્રશ્નો અસ્તિત્વમાં આવ્યા છે. અલબત્ત, તેને દિશાદર્શન જરૂર હોઈ શકે. મૌલિકતા અને સર્જકતા માણસને મળેલી અણમોલ ભેટ છે. માનવમનના અશ્વો ધારે તેટલું અને ધારે તે દિશામાં દોડી શકે. શબ્દ ચરણોથી વિશ્વભરમાં પરિભ્રમણ કરી શકે. બે કે ત્રણ વર્ષનું શિશુ જ્યારે વાર્તા સાંભળતું હોય, ત્યારે તે પોતે અંદર એક નવી વાર્તા રચતું હોય છે ! મૌલિકતા-સર્જકતાનો વિકાસ એ શિક્ષણનો મૂળભૂત હેતુ જ છે, એ ન ભૂલવું જોઈએ.

વર્ગમાં અને પરીક્ષામાં 'મુદ્દાસર જવાબ લખો' મથાળું બાંધીને સવાલ છીએ. હૈયે હાથ રાખીને વિચારજો કે મુદ્દાસર લખવાની ટેવ કેટલા વિદ્યાર્થીઓને પાડી છે ? ને જો એ સંખ્યા ઓછી હોય, તો તેના કારણો કયા ? બેશક, લખવાની – સમજી વિચારીને લખવાની ઓછી આદત જ જવાબદાર છે.

બાળક જન્મે ત્યારે ઈશ્વરે બે હાથ, બે પગ, બે આંખ, બે કાન, નાક, મોઢું, જીભ બધું જ આપ્યું, પણ દાંત ન આપ્યા કારણ કે એને ખબર છે કે નવજાત શિશુનું પાચનતંત્ર ફક્ત માતાનું દૂધ જ પચાવી શકશે. ક્રમશઃ અવયવ ક્ષમતા વધશે તેમ દાંત ફૂટશે. વિદ્યાર્થીની વિચારશક્તિ, વિસ્તારશક્તિ, લેખનશૈલી યોગ્ય દિશામાં વિકસે-વિસ્તરે એ આપણી - શાળાની છે. અને કડવી વાસ્તવિકતા એ છે એ પૂર્ણ વિકસવાનો પ્રારંભ થાય ત્યાં તો બહુવિકલ્પ પ્રશ્નોનું રમકડું હાથમાં આવી જાય. એટલે વિચારવાનું બંધ - ગોખવાનું ચાલુ.

પ્રારંભે સમતોલ પ્રશ્નપત્રના ભાગરૂપે અંશતઃ બહુવિકલ્પ પ્રશ્નો આવતા, પણ ધીમે ધીમે તેનું પ્રમાણ વધ્યું. ક્યાંક 50% તો ક્યાંકે વળી 100% બહુવિકલ્પ પ્રશ્નો આવતા, આ તો આરબની વાર્તા જેવું થાય છે. રણમાં માલિકના તંબુમાં ઊંટ પહેલાં માથું પછી ડોક, પગ નાખ્યા અને પછી આખો ઊંટ અંદરને માલિક બહાર! ક્યાંક એવું ન થાય કે શાળામાં પરીક્ષાઓને બદલે KBC ગોઠવાય.

બહુ વિકલ્પ કસોટીનો {M.C.Q.} પ્રારંભ ક્યાં અને કેવા સંજોગોમાં થયો તે જાણીને ચોંકી જવાય તેવું છે. પ્રથમ વિશ્વયુદ્ધ વખતે 1914માં અમેરિકા પોતાનું સૈન્ય વધારી રહ્યું હતું. ખૂબ જ ઝડપથી હજારોની સંખ્યામાં યોગ્ય ગુણવત્તાવાળા સૈનિકો મેળવવા, તેમને જરૂરી તાલીમ (લશ્કરી તાલીમ ઉપરાંતની) આપવી તે મોટી સમસ્યા હતી. શાસકોએ અમેરિકી મનોવૈજ્ઞાનિક સંસ્થા(APA)ના વડા ડૉ. રૉબર્ટ યોકર્સને બોલાવી આ કામ સોંપ્યું. ડૉ. રૉબર્ટે બહુવિકલ્પ કસોટીઓની મદદથી ઝડપભેર આ કામ પાર પાડ્યું !

અહીં સૈનિકોમાં કયા બીજા ગુણો ખીલવવાની જરૂર હતી ? પછી તો ચીલો ચાલ્યો, થોર્મસ ડાઈક અને ફ્રેડીક જકેલીએ કેન્સાસના વિશ્વવિદ્યાલયોમાં પ્રયોગો કર્યા. ‘પ્રમાણિત કસોટી’ના પ્રણેતા એવર ફ્રેન્કલીન તો જણાવે છે કે ‘બહુવિકલ્પ કસોટી કદી સાચું માપદંડ ન બની શકે. શાળા-શાળા, શિક્ષક-શિક્ષક અને વિદ્યાર્થી-વિદ્યાર્થીનું ગુણવત્તા માપદંડ હંમેશ ભિન્ન જ હોવાનું. ટૂંકમાં એક લાકડીએ ભેંસ ન હંકાય ! કસોટી તૈયાર કરનારનું સ્તર, પર્યાવરણ અને નિષ્ઠાનો પ્રભાવ ખૂબ મોટા સમૂહને વેઠવાનો આવે, પછી તે હકારાત્મક કે નકારાત્મક હોઈ શકે. તો પછી તટસ્થ માપદંડનું શું?

વળી વિષય અને એકમ સુદ્ધાં અનુસાર બહુવિકલ્પ કસોટીની ઉપયુક્તતા બદલાય જ. રસાયણ વિજ્ઞાનના પરમાણુભારના અંક, કદાચ બહુવિકલ્પ કસોટીનો ભાગ બને પણ ‘ખગોળ વિજ્ઞાન’ના શનિના આકર્ષક વલયોની વાત તો વર્ણનથી જ થાય. ભાષામાં કવિ, લેખકની કૃતિ, તખ્ખલુસ એક શબ્દો હોઈ શકે, પણ વર્ષાઋતુનું મેઘતાંડવ શું અલ્પશબ્દોમાં વરસી શકે ખરું ? ભારતની ઓળખ 8 ઉત્તર અક્ષાંશથી 37 ઉત્તર

અક્ષાંશ વચ્ચે થાય, પણ કચ્છ અને કોલકત્તાની આબોહવાની ભિન્નતા સમજવા માટે તો અરબ સાગરથી બંગાળની ખાડીનું અંતર શબ્દનૌકાના વિહારથી જ કાપવું પડે!

'બહુ વિકલ્પ કસોટી કેવળ મર્યાદિત જ્ઞાનના ઉપાય માટે અને સરળ કૌશલ્યોની ચકાસણી કરી શકે. તેનાથી સમસ્યા નિવારણ અને ઉચ્ચ પ્રકારના તર્ક સાબિત કરવા શક્ય નથી.' તેવું ઍમ્પોરિયા સ્ટેટ યુનિવર્સિટીએ પણ તારણ કાઢ્યું છે. નક્કી કરેલ પાઠ્યક્રમની વિગતો પકડવા રસ્તા અને ગોખણપટ્ટીના ગોથાં કરતો વિદ્યાર્થી, પોતાની મૂળ તેજસ્વિતા ખોઈ બેસે, 'આવડતુંય ભૂલી બેસે'. તેની મનોવૈજ્ઞાનિક ગંભીર અસરો થાય તે તો અભ્યાસનો વિષય છે. વૉશિંગ્ટન યુનિવર્સિટીના પ્રૉ. હેનરી રોજર અને પ્રૉ. એલિ ઝાબેથ માર્શ પોતાના અભ્યાસથી જણાવે છે કે 'ખોટા ઉત્તરોથી હતાશામાં ધકેલાય છે. ભયગ્રસ્ત સ્થિતિમાં ખોટા ઉત્તરોનું પ્રમાણ વધે છે.'

સમયમાં તો કેટલીયે વાર, કેટલાય વિષયમાં જ્ઞાન અને માહિતીમાં વિદ્યાર્થી-વિદ્યાર્થીએ શિક્ષક કરતાં આગળ હોવાના કિસ્સા સહજ બનતા જાય છે અને બનશે. સમાજવિદ્યાના શિક્ષક મંગળ ગ્રહનું પાઠ્યપુસ્તકનું છાપેલું ચિત્ર બતાવે ત્યારે વિદ્યાર્થી સ્માર્ટ ફોનમાં ગૂગલ સર્ચમાં મંગળનું ગઈકાલે મંગળયાને લીધેલું સર્ચ કરેલું સાચું ચિત્ર જોતો હોય.

બહુવિકલ્પ કસોટીની ત્રણ કે ચાર વિકલ્પોની લક્ષ્મણરેખા વિદ્યાર્થી ઓળંગી જ ન શકે. કસોટીના વિકલ્પમાંથી તેણે લોકસભાની બેઠકોની સંખ્યા શોધીને લખી તો નાખી, પણ હમણાં હમણાં જોયેલો સાચુકલો 'ચૂંટણી માહોલ ક્યાં વ્યક્ત કરવો?

સ્વયં સ્ફુરણા એ તો બાળકના જીવંત હોવાની સાબિતી છે. જાપાનમાં શાળાની મુલાકાત પછી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈએ કહ્યું, 'ત્યાંની શાળામાં Tea' છે. ching નથી 'Learning' છે ' બહુવિકલ્પ કસોટી દ્વારા વિદ્યાર્થીઓ Learning અભિમુખતા બિલકુલ હણાય છે. જાણીતા વિજ્ઞાન વિશ્લેષક એનિ સારેમાયર્સ તો બહુવિકલ્પ કસોટીના આવિષ્કારથી એવા તો ગિન્નાયા કે ન પૂછો વાત. તેઓ કહે છે કે 'યુ.એસ. એવો દેશ છે. જેણે આ હથિયાર શોધીને 'શીખવા'ની Learningની તક વિદ્યાર્થીઓ પાસેથી ઝૂંટવી લીધી છે. કેવળ પોતાને હોડમાં મૂકીને ભયથી ભાગવાનું જ શીખે છે.

ગુણાત્મક રીતે વિદ્યાર્થી આગળ વધતો જાય. બહુવિકલ્પ કસોટી પાસે આવી વિકાસની કોઈ તક નથી. વિદ્યાર્થીકાળનો S.S.C. ના વર્ષનો અનુભવ ટાંકવાનું રોકી શકતો નથી. ભાષાશિક્ષક આદરણીય ચૈતન્યભાઈ વૈદ્યની ઉત્તરવહી તપાસવાની રીત અનેરી હતી. તેઓ નિબંધના કુલ ગુણને વહેંચી દેતા. જોડણીના (2) વિષયવસ્તુના (4)

ભાષા શૈલીની (2) અને આરંભ તથા અંતના (2) કુલ (10) દરેક વિદ્યાર્થીના ગુણ આ રીતે તપાસીને જ મૂકે! કોઈનું વિષયવસ્તુ સારું, તો કોઈની ભાષા શૈલી! ત્રુટિ નિવારવાની, ને વિકસવાની વિશેષ તક તો આમ જ મળે, નહીં કે બહુવિકલ્પ કસોટીથી.

બહુ વિકલ્પ કસોટી, ખૂબ તૈયારી પછી પણ સ્વમાં અશ્રદ્ધા વધારે છે. મનોબળને કસોટીએ ચઢાવે, અસમંજસતા અને વિહ્વળતા વધારે, સાચા મનોવૈજ્ઞાનિક, જરૂરથી તેનો સ્વીકાર નહીં જ કરે, કારણ કે મન તંદુરસ્ત હશે તો જ વિકસિત થશે.

અલબત્ત બહુવિકલ્પ કસોટીના કેટલાંક જમા પાસાં જરૂર છે. ખાસ કરીને તીવ્ર સ્પર્ધામાં યોગ્ય ન્યાય મળે, પરીક્ષા આયોજકોને, ઉત્તરવહી તપાસવા મોહનલાલ માસ્તરો શોધવા ન પડે, પરીક્ષાની ગેરરીતિના દૂષણો કદાચ ઘટે (અથવા કદાચ વધે પણ ખરાં) પરંતુ નાના નજીવા લાભો લેવા જતાં, બહોળા વિદ્યાર્થી સમાજને ખબૂ મોટું નુકસાન થઈ શકે છે.

જ્યાં વ્યવસાયિક ક્ષમતા, સમયસૂચકતા જેવા વ્યવહારિક ગુણો ચકાસવાના છે. સ્પર્ધા ત્મક પરીક્ષા છે ત્યાં આવી કસોટી (જોકે તે પણ 100% તો નહીં જ) જરૂર ઉપયોગી નિવડી શકે.

S.S.C., H.S.C. અને ઉચ્ચ અભ્યાસ એ તો જીવન અને જ્ઞાનના શીખવા Learningના તબક્કા છે. વિસ્તરવાના તબક્કા છે. સરોવર, ભલે સરોવર હોય, આખરે તે બંધિયાર જ છે.. વર્તુળના પરિઘે ઉભેલી કલમ ફરે તોયે પાછી હતી, ત્યાં આવે, પણ જો કલમ ગતિએ ચાલવા માંડે, સરોવરને બદલે ઝરણું બને, તો ગ્રહણ કરતી કરતી જ્ઞાનસરિતા બને, વિશાળતાને સીમા નથી, ક્ષિતિજને આંબવા મથે, તેવો જ્ઞાનનો મહાસાગર બની શકે, શરત એટલી કે લખવું પડે, વિસ્તરવું પડે, ખીલવું પડે - ને એ તો જ થાય, કે તેની સીમા ન બંધાય,

મિત્રો, અહીં બહુવિકલ્પ કસોટીનો વિરોધ નથી પણ ઝડપી અને વધુ પરિણામ લેવાના ટૂંકા રસ્તાની ટેવ વિદ્યાર્થી અને શિક્ષક, બંનેને પડતી જાય છે. બજારમાં પણ તેવું સાહિત્ય વધારે મળે છે પણ આપણે તો વિદ્યાર્થીની આવતીકાલ જોવાવાળા છીએ. વિદ્યાર્થીને લખવાની ટેવ પાડવી. સંપૂર્ણ મૌલિક નિબંધ, વિસ્તૃત ઉત્તરવાળા પ્રશ્નોની આદત તેમનામાં કેળવવી પડશે. કદાચ કેટલાક શિક્ષક મિત્રોને તે નહિ પણ ગમે પણ વિદ્યાર્થી હિતનું દયાન રાખીને શાળાએ આ વાત પર અચૂક ભાર મુકવો જોઈએ.

હજુ પરીક્ષાઓને થોડો સમય છે. આ વિચાર અત્યારે એટલે જ મુક્યો છે કારણ કે આ આદત વિદ્યાર્થીમાં નાખવા માટે સમય માંગી લે તેવું કાર્ય છે. એટલે સમયસર અને દઢપણે હાથ પર લેવું પડશે. શિક્ષકસભા, પ્રાર્થનાસભા અને વર્ગોમાં કહેવું પડશે.. “લખો તો ખરા.”

## આચાર્ય સજ્જતા

# રે! રાજ મારે દિન દિન દિવાળી...

**મહેશભાઈ શર્મા**
પૂર્વ જિલ્લા શિક્ષણાધિકારી
(મો.) 9909970267

- જોત જોતામાં સત્ર-૧ સમાપ્ત થવાના આરે છે. તા.૨૮/૧૦/૨૦૨૪ થી દિવાળી વેકેશન શરૂ થઈ જશે. તા.૧૭/૧૧/૨૦૨૪થી નવા સત્ર-૨ની શરૂઆત થઈ રહેશે. સમય ખૂબ જ ઝડપથી વહી રહ્યો છે. જેમ વરસાદના ખળખળ વહેતા નીર, નાળા, ઝરણાં, નદી દ્વારા અંતે સમુદ્રને મળે છે. તેવી જ રીતે આચાર્યશ્રીઓના મનોમંથન, તર્કબધ્ધ વાર્ષિક આયોજન થકી વિદ્યાર્થીઓના શિક્ષણનું મૂલ્યાંકન બોર્ડની પરીક્ષાના અંત તરફ દોરી જાય છે.
- સત્ર-૨ દરમ્યાન ''રાત થોડી અને વેષ ઝાઝા'' જેવી સ્થિતિ પેદા ના થાય તે માટે બાકી રહેલા અભ્યાસક્રમને પૂર્ણ કરવાનો ''તખ્તો'' ગોઠવવો પડશે. નિયમિતપણે શૈક્ષણિક કાર્યનું દૈનિક આયોજન બી.એડ.ના માઇક્રો લેશન પાઠ મુજબ કરાવવું પડશે. સમયાંતરે તેનું અવલોકન પણ કરવું રહ્યું.
- જાહેર પરીક્ષા ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની આગામી ફેબ્રુઆરીમાં લેવાનાર છે. તેની તૈયારીના ભાગરૂપે વિદ્યાર્થી ભાઈ-બહેનોના નામ, પિતાનું નામ, માતાનું નામ, અટક, ખાસ કરીને પેટા જ્ઞાતિ, જન્મતારીખ આંકડામાં શબ્દોમાં બરોબર છે કે નહિ ? આગામી પરીક્ષાના પસંદ કરેલા વિષયોની જાણકારી વિષય અને વિષયકોડની માહિતી પણ વિદ્યાર્થી ભાઈ-બહેનો સુધી શિક્ષકોના માધ્યમથી પહોંચે તે અત્યંત જરૂરી છે. ગુજરાતીમાં કહેવત છે કે ''પાણી પહેલાં પાળ બાંધવી જરૂરી છે.'' જેટલું આગોતરું આયોજન વિચારશો એટલું જ ફાયદાકારક રહેશે.
- વળી, નવેમ્બર, ડિસેમ્બર માસ દરમિયાન રમત-ગમત, ખેલ મહાકુંભ, શાળાકીય રમતોત્સવ જેવા કાર્યક્રમો યોજવા પડશે. અથવા તેવા કાર્યક્રમોમાં શાળાકીય કક્ષાએથી ભાગ લેવાનું રહેશે. આપણે શાળાના બાળકોનો સર્વાંગી વિકાસ થાય તેમ વિચારવાનું છે. સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહેવાનુ છે. કોશિશ કરવાથી કામયાબી મળે છે.

- નાની-મોટી સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે વિદ્યાર્થી ભાઈ-બહેનોને પ્રોત્સાહિત કરવાના રહે છે. યુવા ઉત્સવ જેવી સંસ્કૃતિક પ્રવૃત્તિઓના ભાગરૂપે વિવિધ પ્રકારની સાહિત્યિક, લેખન, રચનાત્મક સ્પર્ધાઓ માટે તૈયાર કરવાના રહે છે. જેનું સંપૂર્ણ માર્ગદર્શન મળી રહે તેના માટે આયોજન કરવાનું રહે છે.
- સુસજ્જ આચાર્ય માટે પોતાના શાળાકીય એક્મ માટે આયોજ્ન ખૂબ જ અગત્યની બાબત છે. જેમ યુધ્ધની તૈયારી પહેલાં ઘણી બધી જહેમત, જે તે શાસકે ઉઠાવવી પડે છે. તેવી જ રીતે સુસજ્જ આચાર્યશ્રી એ ''સજ્જતા'' કેળવવા ખૂબ જ આત્મવિશ્વાસ સાથે મહેનત કરવી પડશે.
- દિવાળી વેકેશન દરમ્યાન બિન-શૈક્ષણિક સ્ટાફ પરિવારને મળતી રજાઓ આનંદમય રીતે પસાર કરો તેવી શુભેચ્છાઓ. દિવાળીની શુભેચ્છાઓ, નૂતન વર્ષાભિનંદન, ભાઈ-બીજ પર્વની પણ ખૂબ ખૂબ શુભેચ્છાઓ....
- લાભપાંચમ એટલે સમસ્ત વેપારી વર્ગ માટે ધંધાકીય શરૂઆત માટેનું વણજોયું મુહૂર્ત...... તેવી જ રીતે જૈન સમાજમાં લાભપાંચમને ''જ્ઞાનપંચમી'' તરીકે ઉજ્વવામાં આવે છે. આ બાબતને ધ્યાનમાં રાખી સમગ્ર શિક્ષણ જગતે લાભપાંચમને ''જ્ઞાનપંચમી'' તરીકે ઉજવવાનો મક્કમ નિર્ધાર કરવો જોઈએ...
- એન.સી.સી., સ્કાઉટ એન્ડ ગાઈડ, એન.એસ.એસ. જેવી પ્રવૃત્તિઓમાં પણ વિદ્યાર્થી ભાઈ-બહેનો ભાગ લે અને શિસ્ત, સંયમ, અને મૂલ્યનિષ્ઠ શિક્ષણ મેળવે તેનો ખાસ ખ્યાલ રાખશો.
- એન.ડી.એ.(નેશનલ ડીફેન્સ એકેડમી) પહેલાં ફક્ત ભાઈઓ માટે જ હતી. છેલ્લા બે-ત્રણ વર્ષથી સુપ્રીમ કોર્ટના ચુકાદાથી બહેનો પણ એન.ડી.એ. પરીક્ષા આપી શકે છે.
- ટેબલટેનીસ, કરાટે, કુંગ-ફૂ, કુશ્તી, શૂટિંગ જેવી અઢળક સ્પર્ધાઓમાં ગુજરાતી વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ઘણું કાઠું કાઢ્યું છે. આ પ્રવૃત્તિ આગળ વધારવાનું કામ શાળા કક્ષાએ મારા સુસજ્જ આચાર્યશ્રીઓ ૧૦૦% કરી શકે તેમ છે.
- ગ્રામ્યસ્તરના છેવાડાના વિદ્યાર્થી ભાઈ-બહેનોમાં શાળાકીય અનેકવિધ યોજનાઓની વિગતો શાળાના આચાર્યોના માધ્યમથી પહોચે તે ખાસ જરૂરી છે. સર્વાંગી વિકાસ માટેના તમામ ''પથ'' શાળાકીય કક્ષાએથી શાળાના વિદ્યાર્થી ભાઈ-બહેનો સમક્ષ ઉજાગર કરવાનું ઉત્તમ યોગદાન સુસજ્જ આચાર્યશ્રીઓ આપી શકશે. તેવી અપેક્ષાઓ અસ્થાને નહિ ગણાય......

# અભ્યાસમાં મૂલ્યાંકનનું મહત્ત્વ

**- જી. એસ. દેધરોટિયા,** પાટણ

કોઈપણ કામનું અવારનવાર જો ચકાસવામાં કે મૂલ્યાંકન કરવામાં આવે તો તેની પ્રગતિનો ખ્યાલ આવે. સતત મૂલ્યાંકન દ્વારા ગુણવત્તા સુધારી શકાય છે. કોઈપણ પ્રકારની ખામી રહેતી હોય તો તેનો ખ્યાલ પણ આવતો હોય છે. આજે આપણે રોજીંદા કામમાં પણ જોઈ શકીએ છીએ કે જે કોઈ કામ કરતા હોઈએ તેનું મૂલ્યાંકન પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કરી લઈએ છીએ. શિક્ષણમાં મૂલ્યાંકન ખૂબજ મહત્ત્વનું છે. તેના દ્વારા શૈક્ષણિક ગ્રાફ ખબર પડે છે. અભ્યાસ દરમિયાન વિવિધ પ્રકારના વિષયોનો અભ્યાસ કરવાનો હોય છે અને તેમાં થતી પ્રગતિનો ખ્યાલ મૂલ્યાંકન દ્વારા સમજી શકાય છે. આપણે વિવિધ પ્રકારની પરીક્ષા યોજીને મૂલ્યાંકન કરતા હોઈએ છીએ જે વિદ્યાર્થીના જીવનમાં માર્કસ આધારિત માપદંડ તરીકે સ્વીકારીએ છીએ. મૌખિક અને લેખિત તેમજ હવે ઓનલાઇન દ્વારા પણ પરીક્ષાઓ લઈને મૂલ્યાંકન કરવામાં છે. અભ્યાસમાં મૂલ્યાંકન (Assessment) એ શૈક્ષણિક પ્રક્રિયાનો મહત્ત્વપૂર્ણ હિસ્સો છે. એ શિક્ષકોને વિદ્યાર્થીઓની શૈક્ષણિક પ્રગતિ અને સમજણને જાણવામાં અને સુધારવામાં મદદ કરે છે. મૂલ્યાંકન દ્વારા, શિક્ષકો જાણે છે કે વિદ્યાર્થીના જ્ઞાન, કુશળતા અને માનસિકતા કેવી રીતે વિકસી રહી છે.

**મૂલ્યાંકનનું મહત્ત્વ** :

1. **પ્રગતિનું માપન** : મૂલ્યાંકન વિદ્યાર્થીની શૈક્ષણિક પ્રગતિને માપવાની મંજૂરી આપે છે, જેનાથી શિક્ષક અને વિદ્યાર્થી બંનેને સમજ થાય છે કે ક્યાં સુધારો જરૂરી છે.
2. **અનુકૂળતા** : મૂલ્યાંકનના આધારે શિક્ષણ પ્રક્રિયાને અનુકૂળ બનાવવી શક્ય છે, જેમ કે કઈ પ્રકૃતિની કસોટી વધુ અસરકારક છે અથવા કયા વિષયો પર વધુ ધ્યાન આપવું જોઈએ.
3. **ફીડબેક** : મૂલ્યાંકન વિદ્યાર્થીઓને ફીડબેક આપવા અને તેઓના કૌશલ્ય અને જ્ઞાનને કેવી રીતે સુધારવું તે વિશે માર્ગદર્શન આપવા માટે મદદરૂપ છે.
4. **મોટિવેશન** : નિયમિત મૂલ્યાંકન વિદ્યાર્થીઓને અભ્યાસ તરફ વધુ લગનશીલ બનાવે છે અને તેઓને એમના લક્ષ્યો તરફ પ્રોત્સાહન આપે છે.

**મૂલ્યાંકનની વિવિધ રીતો** :

1. **ફોર્મેટિવ મૂલ્યાંકન (Formative Assessment) :**
   - આ પ્રકારનું મૂલ્યાંકન શીખવા દરમિયાન જ કરવામાં આવે છે.
   - ઉદ્દેશ્ય વિદ્યાર્થીની પ્રગતિને સતત જાળવી રાખવા અને તેમની બળાવટને મજબૂત બનાવવા માટે તાત્કાલિક ફીડબેક આપવાનું છે.
   - ઉદાહરણ તરીકે, ક્વિઝ, વર્ગચર્ચા, આભ્યાસીક કાર્ય વગેરે.
2. **સમાપક મૂલ્યાંકન (Summative Assessment) :**
   - આ પ્રકારનું મૂલ્યાંકન એક ચોક્કસ સમય પછી થાય છે, જેમ કે સેમેસ્ટર અંતે અથવા શૈક્ષણિક વર્ષના અંતે.
   - તે વિદ્યાર્થીઓની કુલ પ્રગતિ અને સમજણને માપે છે.
   - ઉદાહરણ તરીકે, વાર્ષિક પરીક્ષા, સેમેસ્ટર પરીક્ષા, ફાઇનલ પ્રોજેક્ટ વગેરે.
3. **નિદાનાત્મક મૂલ્યાંકન (Diagnostic Assessment) :**
   - આ પ્રકારનું મૂલ્યાંકન વિદ્યાર્થીઓના જ્ઞાન અને કુશળતાના સ્તરને વિશ્લેષણ કરવા માટે કરવામાં આવે છે, ખાસ કરીને જ્યારે તેઓ નવા વિષય પર અભ્યાસ શરૂ કરે છે.
   - આ શિક્ષકને વિષયમાં ખામીઓ શોધવામાં મદદ કરે છે, જેથી શિક્ષણનું અનુકૂળ આયોજન થઈ શકે.
4. **લાગુ મૂલ્યાંકન (Performance-based Assessment) :**
   - આમાં વિદ્યાર્થીઓએ તેમના જ્ઞાનને વાસ્તવિક જીવનની પરિસ્થિતિઓમાં લાગુ કરવાનો પ્રયાસ કરવો પડે છે.
   - તે વિદ્યાર્થીઓને આદર્શ, જટિલ અને હકીકતસર્જક કાર્યોમાં સામેલ કરે છે.
   - ઉદાહરણ તરીકે, પ્રોજેક્ટ, પ્રદર્શન, લેબ વર્ક, વગેરે.
5. **આંતરિક મૂલ્યાંકન (Self-Assessment) અને સહયોગી મૂલ્યાંકન (Peer Assessment) :**
   - આ પ્રકારના મૂલ્યાંકનમાં, વિદ્યાર્થીઓ પોતે અથવા પોતાના સાથીઓના કાર્યનું મૂલ્યાંકન કરે છે.
   - આથી તેઓમાં આત્મવિશ્લેષણ અને પ્રામાણિકતા વિકસે છે.

મૂલ્યાંકન શિક્ષણની ગુણવત્તામાં સુધારો લાવી શકે છે અને વિદ્યાર્થીઓના શૈક્ષણિક અનુભવને વધુ અસરકારક અને સમૃદ્ધ બનાવે છે.

અધિકારી/કર્મચારીઓને જૂની પેન્શન
યોજનાનો લાભ આપવા બાબત

ગુજરાત સરકાર
નાણા વિભાગ
ઠરાવ ક્રમાંકઃનવપ/૧૦/૨૦૨૦/ઓ-૬૪૦/પી
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૮/૧૧/૨૦૨૪

**વંચાણે લીધાઃ**

(૧) નાણા વિભાગના તા.૧૫/૧૧/૨૦૦૨ ના જાહેરનામા ક્રમાંક:જીસીએસ-૧૦૨૦૦૧-૧૨૧૭-ચ
(૨) નાણા વિભાગનો તા.૧૮/૦૩/૨૦૦૫ નો ઠરાવ ક્રમાંકઃનપન/૨૦૦૩/GOI/૧૦/પી
(૩) નાણા વિભાગના તા.૩૦/૦૩/૨૦૧૦ના જાહેરનામા ક્રમાંક:નપન-૨૦૦૩-જીઓઆઈ-૧૦-પી
(૪) નાણા વિભાગના તા.૧૫/૦૩/૨૦૨૪ના જાહેરનામા ક્રમાંક:NPY-102021-D-19-P (PENSION CELL)

**આમુખ:**

વંચાણ હેઠળના ક્રમાંક (૧) પરના જાહેરનામા દ્વારા ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો, ૨૦૦૨ લાગુ કરવામાં આવેલ છે. વંચાણ હેઠળના ક્રમાંક (૨) પરના તા.૧૮/૦૩/૨૦૦૫ના ઠરાવથી તા.૦૧/૦૪/૨૦૦૫ કે ત્યારબાદ નિયમિત નિમણૂક પામેલ અધિકારી/કર્મચારીઓને નવી વર્ધિત પેન્શન યોજના (એન.પી.એસ.) હેઠળ આવરી લેવામાં આવેલ છે. વંચાણ હેઠળના ક્રમાંક (૩) પરના જાહેરનામાથી ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો, ૨૦૦૨ ની પાત્રતા બાબતે સ્પષ્ટતા કરવામાં આવેલ છે. વંચાણ હેઠળના ક્રમાંક (૪) પરના તા.૧૫/૦૩/૨૦૨૪ના જાહેરનામાથી નવી વર્ધિત પેન્શન યોજના (એન.પી.એસ.) હેઠળના કર્મચારીઓ માટે ગુજરાત મુલ્કી સેવા (નવી વર્ધિત પેન્શન યોજના) નિયમો, ૨૦૨૪ લાગુ કરવામાં આવેલ છે.

રાજય સરકારમાં વિવિધ સંવર્ગના જે અધિકારી/કર્મચારીઓની તા.૦૧/૦૪/૨૦૦૫ પહેલા ફિક્સ પગારમાં નિમણૂક કરવામાં આવેલ હોય અને તેમની નિયમિત નિમણૂક તા.૦૧/૦૪/૨૦૦૫ પછી થઈ હોય અથવા તા.૦૧/૦૪/૨૦૦૫ પહેલા ભરતી પ્રક્રિયા પૂર્ણ થઈ ગયેલ હોય પરંતુ વહીવટી કારણોસર તેમની નિમણૂક તા.૦૧/૦૪/૨૦૦૫ પછીની હોય તેઓને જુની પેન્શન યોજનાનો લાભ આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે આથી નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**ઠરાવ:**

૧.માન્ય ભરતી બોર્ડ મારફત સ્પર્ધાત્મક પરીક્ષા પદ્ધતિ દ્વારા (લેખિત પરીક્ષા, ઈન્ટરવ્યુ અને પરિણામની જાહેરાત) પસંદગી પ્રકીયા પૂર્ણ થયેલ હોય અથવા રાજયમાં વિવિધ વિભાગોની ફિક્સ પગારની નીતિ હેઠળ સરકારી તેમજ માન્યતા પ્રાપ્ત બિન-સરકારી અનુદાનિત સંસ્થાઓમાં સક્ષમ કક્ષાએથી મંજૂર થયેલ

જગ્યાઓ પર માન્ય ભરતી પ્રક્રિયા મારફતે તા.૦૧/૦૪/૨૦૦૫ પહેલા પસંદગીની પ્રક્રિયા પૂર્ણ થયેલ હોય, તેવા નીચે મુજબના કેસોમાં જૂની પેન્શન યોજનાનો લાભ મળવાપાત્ર થશે.

(અ)સંબંધિત સંવર્ગની ભરતી અંગેનું પરિણામ તા.૦૧/૦૪/૨૦૦૫ પહેલા જાહેર થયેલ હોય પરંતુ વહીવટી કારણોસર અથવા કોર્ટ કેસ પડતર હોવાના કારણે નિમણૂંક તા.૦૧/૦૪/૨૦૦૫ના રોજ કે ત્યારબાદ આપવામાં આવેલ હોય,

(બ)સંબંધિત સંવર્ગની ભરતી અંગેનું પરિણામ તા.૦૧/૦૪/૨૦૦૫ પહેલા જાહેર થયેલ હોય પરંતુ વહીવટી કારણોસર અથવા કોર્ટ કેસ પડતર હોવાના કારણે ફિક્સ પગારમાં નિમણૂંક તા.૦૧/૦૪/૨૦૦૫ના રોજ કે ત્યારબાદ આપવામાં આવેલ હોય તેમજ ફિક્સ પગારનો નિયત સમયગાળો સંતોષકારક રીતે પૂર્ણ કરી નિયમિત નિમણૂક પામેલ હોય,

(ક)(૧)તા.૦૧/૦૪/૨૦૦૫ પહેલા ફિક્સ પગારમાં નોકરીમાં જોડાયા હોય અને તા.૦૧/૦૪/૨૦૦૫ પછી ફિક્સ પગારનો નિયત સમયગાળો સંતોષકારક રીતે પૂર્ણ કરી નિયમિત નિમણૂક પામેલ હોય,

(૨)તેમજ ઉકત(૧)માં સૂચવેલ કર્મચારીઓ પૈકી જેઓ સીધી ભરતીથી અન્ય સંવર્ગમાં નિયમિત નિમણૂક પામેલ હોય અને જેઓની સેવાઓ નાણા વિભાગની સંમતિથી જોડવામાં આવેલ હોય.

આ ઠરાવની જોગવાઈઓ જે કચેરીઓમાં તા.૦૧/૦૪/૨૦૦૫ પહેલા રાજ્ય સરકારની જૂની પેન્શન યોજના લાગુ પડતી હોય તેવી કચેરીઓને જ લાગુ પડશે. તે સિવાયની અન્ય કોઈ કચેરીઓને લાગુ પડશે નહી.

૨.આ અંગેની વિગતવાર સૂચનાઓ હવે પછી પ્રસિધ્ધ કરવામાં આવશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ભાવિતા રાઠોડ)
નાયબ સચિવ
નાણા વિભાગ


GOYO
TECHNOLOGY MAKE LIFE EASY
Goyo Welcomes You
A Complete School Management System
Parents App | Teacher's App
Transport
Smart School
1) Student Admission
2) Student Details
3) Attendance
4) Exam Schedule
5) Leave Management
6) Home work | Assignment
7) Holiday
8) Teacher Remark
9) Fee collection
10) Lunch Menu
11) Notification
12) Announcement
13) Report Cards
14) Certificates
15) Gallery
1) Live Tracking
2) Route Alert
3)Various Reports
4) Speed Alert
5) Stop Report
6) Travel Summary
7) Mileage Report
8) App | Software Hardware
GPS
RFID
CCTV IN BUS
Employee tracker
Smart Rollover
Library
Event
Activities
24 x 7 Support
We help you to fully computerize your school management system
SCHOOL BUS
Call Us:
+91 9081 222 121 | +91 9081 222 131
Download GOYO App
App Store
GET IT ON
Google Play

: ગુજરાતમાં સૌથી વધુ શાળાઓમાં ઉપયોગમાં લેવાતો એકમાત્ર સોફ્ટવેર :

# School Automation System

- શાળા તથા સંચાલક મંડળની માહિતી
- વિદ્યાર્થીને લગતા તમામ પત્રકો
- વિદ્યાર્થીની ફી ના તમામ રિપોર્ટ
- ફોટો કેપ્ચરિંગ/ આઈ કાર્ડ
- પરીક્ષાની માર્કશીટ તથા પરિણામ પત્રકો
- **નવીન સેમેસ્ટર સિસ્ટમ પદ્ધતિ**
- કર્મચારીઓની પગારની તમામ વિગત

**અમારા અન્ય સોફ્ટવેર**

- OMR Solution (OMR Sheet Scanner)
- સ્કૂલ એકાઉન્ટીંગ સિસ્ટમ
- ઇન્કમટેક્સ કેલ્ક્યુલેશન સિસ્ટમ
- લાઇબ્રેરી મેનેજમેન્ટ સિસ્ટમ
- ટાઈમ ટેબલ મેનેજમેન્ટ સિસ્ટમ
- સ્કૂલ એડમિનિસ્ટ્રેટીવ ફોર્મ્સ(હાઉસઓફ ફોર્મ્સ માત્ર ૯૯૯/-)
- Online Examination (MCQ) System

**SMS Facility :** આ સુવિધાની મદદથી વિદ્યાર્થીના વાલીને સોફ્ટવેર દ્વારા ફી,હાજરી,જન્મદિવસ,તેમજ પરિણામ, ટેસ્ટને લગતા ઓટો જનરેટેડ તેમજ **Customized SMS** થઇ શકશે.

**OMR Solutions :**



- એક જ મીનીટ માં ૪૦ થી ૫૦ ઉત્તરવહીનું પરિણામ તૈયાર થઇ શકે છે. (Self assessment)
- શાળા પોતાની જરૂરિયાત મુજબ OMR Sheets જાતે તૈયાર કરી શકે છે અને જાતે પ્રિન્ટ કરી શકે છે.
- જો ઓછા પ્રશ્નોની પરીક્ષા લેવાની હોય તો OMR Sheet Half Pageની પ્રિન્ટ કરી શકાય છે.
- તૈયાર થયેલા પરિણામને Excel માં લઇ શકાય છે.(Export Facility)
- દરેક વિદ્યાર્થીના ઉત્તરપત્ર આપોઆપ તપાસાઈ જશે તેથી મૂલ્યાંકન કાર્યવાહી ઝડપી બનશે.

❖ ફિંગર પ્રિન્ટ એન્ડ ટાઈમ એટેન્ડન્સ સિસ્ટમ



* તમામ સરકારી/બિનસરકારી ઓફિસો કે શાળાઓ,બેંક છાત્રાલય વગેરે માટે આ સિસ્ટમની મદદથી કર્મચારીઓના ઓફિસમાં આવવા/જવાનો સમય આંગળી/અંગુઠાની મદદથી નોંધી શકાશે.ઓફીસ/શાળાનો સમય દિવસ તેમજ શીફ્ટ મુજબ સેટ કરી શકાશે.આ સિસ્ટમની મદદથી કર્મચારીઓની નિયમિતતાનો ખ્યાલ આવશે. છાત્રાલય:આ સિસ્ટમથી છાત્રાલયમાં બહારની કોઈપણ વ્યક્તિને પ્રવેશતી અટકાવી શકાશે.આ સિસ્ટમની મદદથી મસ્ટર, ડેઈલી ઇન-આઉટ, લેટ ઇન વગેરે જેવા ૪૫ રિપોર્ટ્સ પ્રિન્ટ કરી શકાશે.

❖ **Website Designing**

૨૭૦૦ થી પણ વધુ વેબસાઈટ અમારી દ્વારા તૈયાર કરાયેલ છે.

Unlimited Web Space
Right to Information Act ના પત્રકો, Annual Calender
All Details & History about schools with Photographs
All Details of Each Employee with Photographs
All Details of Each Trustee with Photographs
Toper List in board exam of 10th & 12th
Message from Principal ( Appeal )
*Message from President or Managing Trustee ( Appeal )*
Photographs of Activities & Function arranged in school.
Student Result , Presence, Fee Details
School Login For Upload Photos and Other Detail.

**WEBSITE**

**કોઈ પણ સોફ્ટવેર ખરીદતા પહેલા અમારા સોફ્ટવેરનો ડેમો અવશ્ય નિહારો**

**Aum Imagineering Pvt. Ltd.**
602/603-A, Shapath-1, Opp.Rajpath Club
S.G.Highway, Ahmedabad - 380015, Gujarat(Ind)
(M) : 9825847773/7600001219
(Ph): 079 – 26870704, 079 – 40054004

डाह्याभाई पटेल (थोळवाळा)

ડાહ્યાભાઈ પટેલ (થોળવાળા)
વિપુલ પટેલ

હાર્દિક શુભેચ્છા સહ...

મજબુત કામ..... વ્યાજબી દામ......

# ઉમિયા એન્જીનીયર્સ





સ્કુલ બેન્ચીસ વિવિધ મોડેલમાં
રીવોલ્વીંગ ચેર,
ગ્રીન બોર્ડ
ઓફિસ ટેબલ
સ્ટોરવેલ,
લાઈબ્રેરી કબાટ
ટીચર્સ લોકર,
ન્યુઝ પેપર સ્ટેન્ડ
લેકચર સ્ટેન્ડ





ખુરશીઓ
રીવોલ્વીંગ ચકડોળ
(વિવિધ પ્રકારના ચકડોળ)
(વિવિધ પ્રકારના હિંચકા)
સી. સો
ઝુલા
કલાઈમ્બર

## વિશિષ્ટતાઓ

**ઉત્તમ ક્વોલિટી, વ્યજબી ભાવ, સેલ સર્વિસ, મોર્ડન ડિઝાઈન**







**તેમજ શાળાઓને ઉપયોગી તમામ સ્ટીલ અને વુડન ફર્નિચર પ્લેગ્રાઉન્ડ ઈક્વીપમેન્ટ તદ્દન વ્યાજબી ભાવે આપનાર**

૧, વાસુદેવ એસ્ટેટ, હરેકૃષ્ણ કોમ્પલેક્ષની પાછળ, સી.ટી.એમ. ચાર રસ્તા પાસે,
હાટકેશ્વર - સી.ટી.એમ. રોડ, અમરાઈવાડી, અમદાવાદ - ૩૮૦ ૦૨૬.
**Tel. :** 079-25850251 **Mo.:** 98240 88501, 93270 00325
**Web.:** www.umiyaengineer.com, **Email :** umiya_engineers@yahoo.in

**(ગ્રાહકને સંતોષ એ જ અમારો મુદ્રાલેખ છે.) સ્કુલ બેન્ચ અને દરેક સીરીઝના બાલક્રિડાંગણના સાધનોના સ્પેશિયાલિસ્ટ**

SHREE SARASWAT - MONTHLY Registered under RNI No. GUJGUJ/2006/17017 "Permitted to post at Ahd PSO on 28th monthly under postal Regd No. GAMC-919/2021-2023 issued by SSP Ahd valid up to 31-12-2023
Published on 28th Day of Every Month



ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની યોજાયેલી ચૂટંણીમા આપણા સર્વેના લાડીલા એવા આપણા આચાર્ય સંઘના પ્રમુખ બિનહરીફ થયેલ તે આપણે સૌ જાણીએ છીએ... અને ત્યાર બાદ ગુજરાત મા.ઉ.મા. શિક્ષણબોર્ડ ની કારોબારીના સભ્યોની નિયુક્તિ કરવાની થતી હોય છે તેમા પણ આપણા પ્રમુખશ્રી ભાનુપ્રસાદ અમૃતલાલની નિયુક્ત થયેલ છે..

તે બદલ આપણા સી.એમ. સાહેબ જેવો દાદાના લોક લાડીલા નામ થી ઓળખાય છે તેમનો આભાર વ્યક્ત કરી શુભેચ્છા મુલાકાત કરી અને અનુદાનીત શાળાઓના પ્રશ્નોની વિગતે ચર્ચા કરી...

રવાના :
**શ્રી અમિત આર. પંડ્યા**
શ્રી માતૃછાયા હાયર સેકન્ડરી સ્કૂલ,
સુખરામ નગર, ગોમતીપુર,
અમદાવાદ-૩૮૦૦૨૧
મો. ૯૯૭૪૫૨૫૨૩૨

બુક-પોસ્ટ

પ્રતિ, શ્રી, ______________________

______________________

______________________

માલિક : ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ
તંત્રી, મુદ્રક, પ્રકાશક : જયપ્રકાશ પી. પટેલ
મુદ્રણ : રિલાએબલ આર્ટ પ્રિન્ટરી (અમદાવાદ) પ્રા. લિ., ૩૦૧, પુનિત પ્લાઝા, આશ્રમ રોડ, નવગુજરાત કોલેજ પાછળ, અમદાવાદ-૩૮૦૦૧૪
પ્રકાશન સ્થળ : ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ, સારસ્વત ભવન, હરેકૃષ્ણ કોમ્પલેક્ષ, પ્રિતમનગર, આશ્રમરોડ, અમદાવાદ.